**આજનો સુવિચાર**

ઝઘડો અને ઝરણું બંનેની શરૂઆત નાની હોય છે, પણ જેમ જેમ આગળ વધે છે તેમ વિશાળ બને છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૨ જૂનાગઢ તા.૨૪-૦૯-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 242, Junagadh : Date : 24 September, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## આયુષ્માન યોજનામાં વૃધ્ધો માટે નવું પોર્ટલ શરૂ કરાયું

નવી દિલ્હી.તા.૨૪

આયુષ્માન ભારત યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થયાં છે. આ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૫.૩૬ કરોડ લોકોને કાર્ડ આપવામાં આવ્યાં હતાં. વધુમાં વધુ ૪૯ ટકા કાર્ડ મહિલાઓને આપવામાં આવ્યાં હતાં. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ અપૂર્વ ચંદ્રાના જણાવ્યાં અનુસાર, ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં વૃદ્ધોને પણ આ યોજનામાં સામેલ કરવામાં આવ્યાં છે તેમનાં માટે ટૂંક સમયમાં જ કાર્ડ બનાવવાનું શરૂ થશે. આ માટે એક પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે અને તેનું ટેસ્ટિંગ શરૂ કરવામાં આવ્યું છે. આ પછી, ટૂંક સમયમાં જ આધાર દ્વારા નોંધણી પણ શરૂ કરવામાં આવશે. આ સ્કીમ હેઠળ ઘણાં રાજ્યોમાં કવરેજમાં વધારો થયો છે, હાલમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં લોકોને ૫ લાખ સુધીનું કવરેજ આપવામાં આવે છે તેથી, જે પરિવારો પહેલેથી જ આવરી લેવામાં આવ્યાં છે, તેમનાં માટે કવરેજની રકમ દસ લાખ સુધી પહોંચી ગઈ છે. ઘણાં રાજ્યોએ કવરેજની રકમમાં પણ વધારો કર્યો છે.

આ યોજનામાં ૧૨.૩૭ કરોડ પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૭.૭૯ કરોડ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં , જેમાંથી ૩.૬૧ કરોડ મહિલાઓ હતી.

## નિતિશ રાણે - રામગીરી મહારાજની ધરપકડની માંગણી સાથે એક લાખ મુસ્લીમોનો કાફલો મુંબઈ પહોંચ્યો : ઠેરઠેર ટ્રાફીક જામ

મુંબઈ, તા.૨૪:

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા રામગિરિ મહારાજ અને ભાજપ નેતા નીતિશ રાણે વિરુદ્ધ કાર્યવાહીની માગણીનો મુદ્દો જોર પકડતો જોવા મળી રહ્યો છે. સોમવારે, અસદુદીન ઓવૈસીની આગેવાની હેઠળ AIMIM એ ઔરંગાબાદ (છત્રપતિ સંભાજીનગર) થી મુંબઈ સુધી શકતિ પ્રદર્શનમાં ત્રિરંગા સાથે બંધારણ રેલી કાઢી હતી. ઔરંગાબાદના પૂર્વ સાંસદ ઈમ્તીયાઝ અલી અને વારિસ પઠાણ જેવા નેતાઓની આગેવાનીમાં યાત્રામાં મોટી ભીડ એકઠી થઈ હતી. આશરે એક લાખ મુસ્લીમો સાથેની રેલી મુંબઈ પહોંચી ત્યારે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

સંયુકત રાષ્ટ્ર સંઘનાં ૭૯નાં સત્રમાં ''સમિટ ઓફ ધી ફયુચર'' થીમ પર સંબોધન

# વિશ્વ શાંતિ માટે યુનો સહિતની સંસ્થાઓમાં સુધારાઓ જરૂરી છે : વડાપ્રધાન મોદી

**ભારત આગ નથી પરંતુ પ્રકાશ આપનાર સૂર્ય જેવું છે : માનવતાની સફળતા યુધ્ધનાં મેદાનમાં નહી સામુહિક શકિતમાં છે, આતંકવાદ એ વિશ્વ શાંતિ અને સુરક્ષા માટે સૌથી મોટો ખતરો : વડાપ્રધાન**



ન્યુયોર્ક, તા.૨૪

ભારતીય રાજદ્વારી નીતિને સફળતાના વધુ શીખર પર લઈ જતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યુયોર્કમાં સંયુકત રાષ્ટ્ર સંઘના ૭૯ સત્રને સમીટ ઓફ ધ ફયુચરની થીમ પર સંબોધન કરતા કહ્યું હતું કે માનવતાની સફળતા યુધ્ધના મેદાનમાં નહીં પરંતુ આપણી સામુહિક શકિતમાં રહેલી છે. મોદીએ યુક્રેન અને રશીયા તેમજ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધનો ઉલ્લેખ કર્યા વગર જણાવ્યું કે આતંકવાદએ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે સૌથી મોટો ખતરો છે. બીજી તરફ સાયબર સુરક્ષા દરિયાઈ અને અવકાશમાં સંઘર્ષના નવા ક્ષેત્રો બની રહ્યા છે આ તમામ મુદ્દાઓ પર વૈશ્વિક કાર્યવાહી એ આપણી વૈશ્વિક મહત્વકાંક્ષાને અનુરૂપ હોવી જોઈએ તે ચોકકસપણે માનુ છું. મોદીએ કહ્યું કે વૈશ્વિક શાંતિ માટે રાષ્ટ્ર સંઘ સહિતની સંસ્થામાં સુધારા જરૂરી છે.

હું અહીં માનવતાનો છઠ્ઠા ભાગનો અવાજ સાંભળવા આવ્યો છું. અમે ભારતમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢયા છે. અને ગ્લોબલ સાઉથ સાથે અનુભવ શેર કરવા આવ્યો છું. મોદીએ તેમના પ્રવચનમાં ખાસ કરીને રાષ્ટ્ર સંઘમાં હવે ગ્લોબલ સાઉથનો અવાજ મજબુત બને તેની આવશ્યકતા ગણાવી હતી. મોદીએ કહ્યું કે કોરોના કાળ સમયે વિશ્વના ૧૫૦ દેશોને ભારતે મદદ કરી હતી.

જયારે કોઈપણ આપતિ આવે છે ત્યારે ભારત સૌથી પહેલો જવાબ આપે છે અને આજે ભારતનો અવાજ એ દુનિયા માટે એક આશા બની ગયો છે. મોદીએ જણાવ્યું કે ભારત આગ જેવું નથી પરંતુ પ્રકાશ આપનાર સૂર્ય જેવા છીએ. વિનાશમાં ભારતની કોઈપણ ભૂમિકા નથી અને વિશ્વની ૧૭ ટકા વસ્તી ભારતમાં રહેતી હોવા છતાં પણ કાર્બન ઉત્સર્જનમાં ફકત ૪ ટકાનો જ અમારો ફાળો છે અને તે પણ ઘટી રહ્યો છે.

## ન્યુયોર્કમાં મોદી - ઝેલેન્સકી વચ્ચે ૩૨ દિવસમાં બીજી મુલાકાત યોજાઈ

ન્યુયોર્ક, તા. ૨૪

યુક્રેન - રશિયા વચ્ચેના યુધ્ધમાં ભારતની મધ્યસ્થીની શકયતા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વખત ન્યુયોર્કમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કીને મળ્યા હતા. ૩૨ દિવસમાં જ આ બંને નેતાઓની બીજી મુલાકાતને સૂચક માનવામાં આવે છે. મોદી અગાઉ યુક્રેન ગયા હતા અને તે સમયે ઝેલેસ્કી સાથે વાતચીત કરી હતી. હાલમાં વડાપ્રધાન અમેરિકાના પ્રવાસે છે તે સમયે તેમની આ યાત્રા સમયે અગાઉથી નિર્ધારીત ન હતી તે મુલાકાતને વધુ મહત્વની ગણવામાં આવે છે. વડાપ્રધાને આ મુલાકાત બાદ એકસ પર પોસ્ટમાં રાષ્ટ્રપતિ ઝેલેસ્કી સાથે મુલાકાત મહત્વપૂર્ણ રહી તેવું જણાવતા કહ્યું કે યુક્રેન મુલાકાત દરમ્યાન જે કંઈ નિર્ણયો લેવાયા હતા તે લાગુ કરવા બંને પ્રતિબધ્ધ છે.

## આગામી સપ્તાહે ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની શકયતા

નવી દિલ્હી તા. ૨૪

મહારાષ્ટ્ર ઝારખંડ વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓ સાથે, વાયનાડ લોકસભા સહિત ઉત્તર પ્રદેશ વિધાનસભાની ખાલી પડેલી ૧૦ બેઠકો માટે પણ પેટાચૂંટણી યોજાઈ શકે છે. કોઈપણ રીતે, હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીની જાહેરાત સમયે, પંચે સ્પષ્ટ કર્યું હતું કે આ રાજ્યોમાં પૂર સહિત અનેક કુદરતી પડકારો છે. પ્રાપ્ત માહીતી મુજબ નવી દિલ્હી દેશમાં ચૂંટણી પ્રક્રિયા ચાલુ રહેવાની છે. હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થાય તે પહેલા વધુ બે રાજ્યો એટલે કે ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી જાહેર થઈ શકે છે. જેની જાહેરાત આગામી સપ્તાહમાં ગમે ત્યારે થઈ શકે છે.

## શેરબજારે નવો ઈતિહાસ રચ્યો : સેન્સેકસ પહેલીવાર ૮૫ હજારને પાર

મુંબઈ તા.૨૪ : ભારતીય શેરબજારે આજે નવો ઈતિહાસ રચ્યો છે. તાજેતરના ઘટાડામાંથી સેન્સેક્સ અને નિફ્ટી બંને નવા રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા છે, આજે સેન્સેક્સ ઈન્ડેક્સ પ્રથમ વખત ૮૫,૦૦૦ની સપાટીને પાર કરી ગયો છે. જે એક મોટી સિદ્ધિ છે. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સે પણ આજે તેની નવી રેકોર્ડ હાઈ હાંસલ કરી છે. નિફ્ટી ૨૫,૯૭૧ના સ્તરે પહોંચ્યો હતો, જે તેનું સર્વકાલીન ઉચ્ચ સ્તર છે. હાલ સેન્સેક્સ ૯૨ વધીને ૮૫૦૨૦ અને નીફટી વધીને ૨૫૯૭૦ ઉપર છે.

## ૫ ઓકટોબરે ચોમાસુ વિધિવત વિદાય લેશે

અમદાવાદ તા. ૨૪

ગુજરાતમાં તા.૫ ઓક્ટોબરે ચોમાસું વિધિવત વિદાય લેશે. આ ઉપરાંત ચોમાસાની વિદાયની પણ ધીમે ધીમે શરૂઆત થઈ છે. હાલમાં દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને પશ્ચિમ કચ્છના ભાગોમાં વિધિવત રીતે ચોમાસાની વિદાયની શરૂઆત થઈ છે. એટલે કે, આ વરસાદી રાઉન્ડ છેલ્લો હોય શકે છે. ત્યારે હવામાન વિભાગના ડાયરેક્ટરે ગુજરાતના ખેલૈયાઓ માટે પણ સારા સમાચાર આપ્યા છે. જેમાં નવરાત્રિ પહેલાં જ વરસાદનો રાઉન્ડ પૂર્ણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એટલે કે, ખેલૈયાઓના નવરાત્રિના નવ દિવસ બગડે તેવી શક્યતા ઓછી જણાઈ આવે છે.

## મધ્યપ્રદેશનાં જબલપુરમાં બનેલી જઘન્ય ઘટના : ચાર નરાધમોએ સગીર યુવતિ પર ૨૨ કલાક સુધી ગેંગરેપ કર્યો

જબલપુર,તા.૨૪:

મધ્યપ્રદેશના જબલપુરમાં એક હ્રદયદ્રાવક ઘટના બની છે. ૪ નરાધમોએ ૨૨ કલાક સુધી સગીરા ગર્લ ફ્રેન્ડને હોટલમાં પૂરી રાખીને ગેંગરેપ કરીને તેની હાલત બગાડી મૂકી હતી. ચાર દોસ્તો ફરવાને બહાને સગીરાને હોટલમાં લઈ ગયાં હતા અને ગેંગરેપ કર્યો હતો. ૨૨ કલાક બાદ છોડી મૂકતાં આરોપીઓએ તેને મોં બંધ રાખવાની ધમકી આપી હતી.

જબલપુરના બેલબાગમાં રહેતી ૧૭ વર્ષની સગીર છોકરીને ૨૨ કલાક સુધી બંધક બનાવીને ૪ છોકરાઓએ સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

પડોશમાં રહેતો આર્યન નામનો યુવાન સગીરાને ફોસલાવીને ઈન્દીરા માર્કેટ લઈ ગયો હતો અને બાદમાં તેણે તેના ૩ મિત્રો નિહાલ, અંશુલ અને ગોલુને બોલાવી લીધાં હતા અને ત્યાર બાદ હોટલમાં લઈ જઈને વારાફરતી રેપ કરતાં રહ્યાં હતા.

## આસામમાં ભીષણ ગરમીનો પ્રકોપ ૪ દિવસ શાળા-કોલેજો બંધ

કામરૂપ, તા.૨૪:

આસામમાં કાળઝાળ ગરમીએ લોકોની મુશ્કેલીઓ વધારી દીધી છે. રાજયના અનેક જિલ્લાઓમાં તાપમાનમાં અચાનક વધારો થયો છે. આસામના કામરૂપ જિલ્લામાં વહીવટીતંત્રે શાળાઓને કામરૂપ જિલ્લામાં ૨૪ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર સુધી તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ રહેશે.

તિરૂપતિ બાદ હવે મુંબઈનાં સુપ્રસિધ્ધ

# સિધ્ધિ વિનાયક મંદીરનાં લાડુની શુધ્ધતા સામે સવાલ

## મહાપ્રસાદ લાડુનાં પેકેટમાં ઉંદરનાં બચ્ચા જોવા મળ્યા



મુંબઈ તા. ૨૪

આંધ્રપ્રદેશના તિરુપતિ સ્થિત તિરુમાલા બાલાજી મંદિરના લાડુમાં પ્રાણીઓની ચરબી મળી આવ્યા બાદ મંદિરોના પ્રસાદને લઈને નવી ચર્ચા છેડાઈ છે. તિરુપતિ બાલાજીનો પ્રસાદ બનાવવામાં વપરાતા ઘીમાં બિફ અને પિગ ફેટ મળી આવી છે. હવે મુંબઈના પ્રખ્યાત શ્રી સિદ્ધિવિનાયક મંદિરના મહાપ્રસાદમાં પણ ઉંદરનાં બચ્ચાં જોવા મળ્યાં છે.

સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને વહેંચવામાં આવતા 'મહાપ્રસાદ લાડુ'ના પેકેટમાં ઉંદરો પડેલા જોવા મળ્યા છે.

ઘણાં પેકેટ પણ કોતરેલાં મળી આવ્યાં હતાં. દરમિયાન, મંદિર પ્રશાસને કહ્યું છે કે આ મામલાની તપાસ કરવામાં આવશે.

રિપોર્ટ્સ મુજબ મુંબઈના પ્રખ્યાત મંદિર શ્રી સિદ્ધિવિનાયક મંદિરની ચોંકાવનારી તસવીર સામે આવી છે. મંદિરના મહાપ્રસાદમાં ઉંદરનાં બચ્ચાં જોઈ શકાય છે.

આ તસવીરો બાબતે માંગવામાં આવેલી સ્પષ્ટતા પર ટેમ્પલ ટ્રસ્ટના સેક્રેટરી વીણા પાટીલે કહ્યું છે કે આ તસવીરોની તપાસ કરવી પડશે. સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવશે.


# લેબનોન પર ઈઝરાયેલનાં ભીષણ હવાઈ હુમલાથી મોતનું તાંડવ : ૫૦૦થી વધુ લોકોનાં મોત

બૈરૂતતા. ૨૪ :

ગાઝા બાદ હવે ઈઝરાયેલ લેબનોનને સ્મશાનગૃહમાં ફેરવવામાં વ્યસ્ત છે અને તેણે હિઝબુલ્લાહના આતંકવાદ સામે કાર્યવાહી શરૂ કરી છે. ઈઝરાયેલની સેનાએ બે દાયકામાં સૌથી મોટો હુમલો કર્યો છે. લેબનોનમાં હિઝબુલ્લાહની ૧૬૦૦ જગ્યાઓ પર એક સાથે હુમલો કરતા ઈઝરાયેલના આ હુમલાથી એટલી બધી તબાહી મચી ગઈ હતી કે લોકો પોતાનો જીવ બચાવવા દોડતા જોવા મળ્યા હતા. ઈઝરાયેલના હુમલામાં મૃતકોની સંખ્યા ૫૦૦ પર પહોંચી ગઈ છે, જેમાં ૯૦ મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. જયારે ઘાયલોની સંખ્યા હજારોમાં છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. બીજી તરફ હિઝબુલ્લાહ સામે યુદ્ધનું એલર્ટ વગાડનાર ઈઝરાયેલે અહીં પણ એક સપ્તાહની ઈમરજન્સી જારી કરી છે. ઈઝરાયેલ પણ ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા જવાબી હુમલાની ધમકી હેઠળ છે. ઈઝરાયેલની સેનાએ લેબનોનને બીજું ગાઝા બનાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સોમવારે ઈઝરાયેલની સેનાએ એવો ભયંકર હવાઈ હુમલો કર્યો કે આખું લેબનોન હચમચી ગયું હતું.


હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ

**સ્ટાફ જોઈએ છે**
ગ્રેજયુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરનાં જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે
ઉંમર : ૨૨ થી ૪૦
ONLY BOYS
જૂનાગઢમા રહેતા વ્યકિતએ જ સંપર્ક કરવો
સમય સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી
મો.૯૮૨૫૮ ૧૫૭૯૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જયોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
**NIT® ટેકનીકલ કોલેજ**
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી ખૂબ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પલેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

**ઉધઈ થી બચો**
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


# ટપાલ સેવાઓ અદ્યતન ટેકનોલોજી અપનાવીને સતત નવા પરિમાણો સર્જી રહી છે

## ટપાલ સેવાઓ માત્ર પત્રો અને પાર્સલ સુધી જ સિમિત ન રહી, લોકોને ઘરે બેઠા સરકારની તમામ લોકકલ્યાણકારી યોજનાઓના લાભો સાથે જોડી સહભાગી બની રહ્યું છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૪

ટપાલ સેવાઓ અદ્યતન ટેકનોલોજી અપનાવીને સતત નવા પરિમાણો સર્જી રહી છે. બદલાતા વાતાવરણમાં ટપાલ વિભાગ નાણાકીય સમાવેશન, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. પત્રો અને પાર્સલની સાથે ટપાલ વિભાગ સરકારની તમામ લોકકલ્યાણ યોજનાઓ અને તેના લાભો પણ લોકો સુધી પહોંચાડી રહ્યું છે તેમ સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર, રાજકોટના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવની અધ્યક્ષતામાં ક્ષેત્રના વિભાગીય વડાઓ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મેનેજરોની કામગીરીની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રમાં પોસ્ટલ સેવાઓની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરતા પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું હતું કે, આ પરિક્ષેત્રમાં હાલમાં કુલ ૪૫ લાખથી વધુ બચત ખાતા, લગભગ ૯.૩૯ લાખ આઈ.પી.પી.બી. ખાતા, ૩.૯૭ લાખ સુકન્યા સમૃદ્ધિ ખાતા અને ૩૭,૦૦૦ મહિલા સમ્માન બચત પ્રમાણપત્રો ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત ૪૨૬ ગામોને 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ' તરીકે આવરી લેવામાં આવ્યા છે, ૭૪૦ ગામોને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે આવરી લેવામાં આવ્યા છે, અને ૧૬ ગામોને 'ફાઈવ સ્ટાર વિલેજ' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. પાસપોર્ટ સેવા કેન્દ્ર દ્વારા આ

## સૌરાષ્ટ્ર-કચ્છના ૪૨૬ ગામો 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ', ૭૪૦ ગામો 'સંપૂર્ણ વીમા ગ્રામ' અને ૧૬ ગામો 'ફાઈવ સ્ટાર વિલેજ' તરીકે જાહેર કરાયા : સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર, રાજકોટમાં ડાક સેવાઓની સમીક્ષા કરતા લક્ષ્યો હાંસલ કરવા ઉપર ભાર મૂક્યો

નાણાકીય વર્ષમાં ૩૧,૦૦૦ કરતાં વધુ લોકોએ પાસપોર્ટ મેળવ્યા છે. ૯૧,૦૦૦ લોકોએ પોસ્ટ ઓફિસ મારફત આધાર નોંધાવ્યું અથવા અપડેટ કર્યું છે, જયારે ૭૬,૦૦૦ લોકોએ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા સી.ઈ.એલ.સી.માંથી લાભ મેળવ્યો છે. ૩૦,૦૦૦ કરતાં વધુ લોકોએ આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમ મારફત ૧૫ કરોડ રૂપિયાના ચુકવણાં ઘરના દરવાજે મેળવ્યા છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી યાદવે ઉમેર્યું હતું કે, પત્ર અને પાર્સલની સાથે ટપાલ વિભાગમાં સેવિંગ્સ બેંક, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ કેન્દ્રો, કોમન સર્વિસ સેન્ટર અને ડાક નિર્યાત કેન્દ્ર પણ કાર્યરત છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મારફતે પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો આજે મોબાઈલ બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. સી.ઈ.એલ.સી. હેઠળ, તમામ સેવાઓ જેવી કે ઘરે બેઠા બાળકોના આધાર બનાવવા, મોબાઈલ અપડેટ કરવા, ડિજિટલ જીવન પ્રમાણપત્ર, ડી.બી.ટી., બિલની ચુકવણી, એ.ઈ.પી.એસ. દ્વારા બેંક ખાતામાંથી ચુકવણી, વાહન વીમો, આરોગ્ય વીમો, અકસ્માત વીમો, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના વગેરે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા પૂરી પાડવામાં આવે છે. પોસ્ટમાસ્ટર જનરલએ નાણાંકીય વર્ષના બાકીના દિવસોમાં વ્યાપક ઝુંબેશ હાથ ધરીને વિવિધ સેવાઓમાં ફાળવવામાં આવેલા લક્ષ્યોને હાંસલ કરવા ઉપર તેમજ સામાન્ય લોકોને વિવિધ સેવાઓ સાથે જોડવા, જાહેર ફરિયાદોનો ઝડપી નિકાલ અને ગ્રાહકો પ્રત્યે સંવેદનશીલતા ઉપર ભાર મૂકયો હતો. રાજકોટના પ્રવર ડાક અધિક્ષક એસ. કે. બુન્કરે રાજકોટમાં પ્રથમ વખત આગમન કરેલા પોસ્ટમાસ્ટર જનરલનું સ્વાગત કરી પરિક્ષેત્ર દ્વારા કરવામાં આવેલા કાર્ય અને પ્રાપ્ત સિદ્ધિઓની માહિતી આપી હતી.

# વેરાવળમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત ૧૪ દિકરીઓએ વોલ પેન્ટીંગ કરી સંદેશો આપ્યો

## મહિલા કોલેજની દિકરીઓએ પોતાનામાં રહેલી કલા થકી સ્વચ્છતા થીમના ચિત્રો કંડાર્યા




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "સ્વચ્છતા હી સેવા" પખવાડિયાની ઉજવણી કરવા આહ્વાન કર્યુ છે. જે અંતર્ગત ઠેરઠેર શહેરો, ગામડાઓને સ્વચ્છ કરવા લોકો-સંસ્થાઓને સાથે રાખીને સ્વચ્છતાના કાર્યક્રમો કરવામાં આવી રહયા છે. જેમાં વેરાવળમાં દીકરીઓએ પોતાનામાં રહેલી કલા મુજબ વોલ પેન્ટીંગ કરી સ્વચ્છતાનો સંદેશો આપ્યો છે. ચિત્રો કંડારી ૧૪ જેટલી દિકરીઓને પ્રોત્સાહિત કરવા કલેકટર સહિત અગ્રણીઓએ મુલાકાત લઈ પ્રોત્સાહિત કર્યા હતા. આ અંગે માહિતી આપતા પ્રો.જીવાભાઈ વાળાના જણાવ્યા મુજબ પીએમ મોદીના આહવાનમાં સહભાગી થવા વેરાવળમાં ટ્રાફીકથી ધમધમતા રાજેન્દ્ર ભુવન રોડ ઉપર ગાર્ડનની દિવાલ ઉપર મહિલા કોલેજની ૧૪ દિકરીઓએ વોલ પેન્ટીંગ બનાવી પોતાની કલા પ્રદર્શીત કરવાનું નક્કી કરીને સ્વચ્છતા થીમ મુજબના ચિત્રો દિવાલ ઉપર દોર્યા હતા. આ ચિત્રો થકી લોકો સ્વચ્છતા બાબતે જાગૃત રહી પોતાનું આંગણું અને શહેર સ્વચ્છ રાખવા સહભાગી બને તેવો હેતુ દીકરીઓ અને તંત્રનો છે. સવારથી તડકા વચ્ચે ચિત્રો કંડારતી દીકરીઓને પ્રોત્સાહિત કરવા જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, ચીફ ઓફીસર ચેતન ડુડિયા, ઝવેરીભાઈ ઠકરાર, કારોબારી ચેરમેન ચંદ્રિકાબેન સિકોતરીયા, જયદેવભાઈ જાની સહિતના અગ્રણીઓએ મુલાકાત લઈ દીકરીઓના વિચાર અને કલાને બિરદાવી હતી.

# કેશોદના યુવાન ડોક્ટરએ ત્રીસ સેકન્ડમાં ૧૪૧ વખત એક પગ ઉપર દોરડાં કુદી ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૪

કેશોદ દોરડાં કૂદવાની રમતએ આપણી પરંપરાગત રમત છે અને શેરીઓમાં ગલીઓમાં આપણે બહેનો યુવતીઓને દોરડાં કુદતી નિહાળતાં હોઈએ છીએ ત્યારે કેશોદના નિવૃત પોલિસ અધીકારી ગાંગજીભાઈ દયાતરનો પુત્ર અને હાલ આવકાર હોસ્પિટલ કેશોદ ખાતે ફિઝીયોથેરાપી તબીબ તરીકે સેવા આપતાં ડોક્ટર રઘુવીર દયાતર યુવાન વયે દોરડાં કૂદવાની રમત શારીરિક તંદુરસ્તી માટે કરતાં હતાં ત્યારે પોતાની આ રમતને આગવી રીતે રમીને વિશ્વ સ્તરે રેકોર્ડ સ્થાપી કેશોદ શહેર અને પરિવારને ગૌરવ અપાવવાનો મકકમ નિર્ધાર કરી અગાઉ ગીનીસ બુકમાં ત્રીસ સેકન્ડમાં એક પગ ઉપર ૧૩૨ વખત દોરડાં કુદવાનો રેકોર્ડ નોધાયો હતો. જે રેકોર્ડ તોડીને ડોક્ટર રઘુવીર દયાતરએ ત્રીસ સેકન્ડમાં એક પગ ઉપર ૧૪૧ વખત કુદી પોતાના નામે કરી ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવી કેશોદ શહેર અને મહિયા ક્ષત્રિય સમાજનું ગૌરવ વધાર્યું છે. તથા ડોક્ટર રઘુવીરજી દયાતરે એક મીનીટમાં એક પગ ઉપર ૨૪૮ વખત દોરડાં કુદવાનો રેકોર્ડ પણ લીમ્કા બુક ઓફ રેકોર્ડમાં પણ નોધાવ્યો છે તથા પગની આંગળીઓ ઉપર ચાલીને વધારે અંતર કાપવાનો વિશ્વમા પ્રથમ ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ પણ પોતના નામે કરેલો છે. જે પોતે જ પોતાના રેકોર્ડને તોડી હજુ પણ આગળ ભવીષ્યમા ગીનીઝ વર્લ રેકોર્ડ બનાવશે તેવી આશા વ્યક્ત કરી છે સાથે જ રઘુવીરને વ્યક્તિના બોલપેનથી આબેહુબ સ્કેચ ચિત્રો બનાવાનો પણ શોખ છે જેની નોંધ લઈ કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, તાલુકા પંચાયતના પ્રમુખ ભનુભાઈ ઓડેદરા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલિયા સહિત મહિયા ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યા છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરાની વિદ્યાર્થિનીઓએ 'કલા ઉત્સવ-૨૦૨૪'માં ઉચ્ચ ક્રમાંકે વિજેતા બની

જૂનાગઢ, તા.૨૪

ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને વિવિધતાનો સમગ્ર વિશ્વમાં પ્રચાર-પ્રસાર થાય, યુવાઓની કલાત્મક પ્રતિભા અને શક્તિઓને પ્રોત્સાહન મળે તેમજ શિક્ષણના માધ્યમથી પ્રાચીન કલા, સંગીત, સાહિત્ય અને પરંપરાની પ્રભાવક અસરો ઊભી થાય તેવા ઉદ્દેશથી ભારત સરકારશ્રી દ્વારા સને ૨૦૧૫થી દર વર્ષે "કલા ઉત્સવનું" સમગ્ર ભારતમાં ભવ્ય આયોજન કરવામાં આવે છે. નવી શિક્ષણનીતિ (**NEP-2020**)માં પણ કલાત્મક વિકાસ અને તેનાં સંશોધન ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.



કલા ઉત્સવ શિક્ષણને વધુ અભિવ્યક્ત, સર્જનાત્મક અને આનંદદાયક બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તે શાળા-જિલ્લા-રાજય અને રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓની કલાત્મક સૂઝબૂઝ અને ક્ષમતાઓને બહાર લાવવા, વિકસિત કરવા અને તેને પ્રદર્શિત કરવાં માટે વ્યાપક સ્તરે પ્લેટફોર્મ પૂરું પાડે છે. કલા ઉત્સવના માધ્યમથી બાળકો નાનપણથી જ "એક ભારત-શ્રેષ્ઠ ભારત"માં પોતાનું અમૂલ્ય યોગદાન પ્રદાન કરે છે.

માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૨૦-૦૯-૨૦૨૪ (શુક્રવારે) યોજાએલ **SVS** કક્ષાના 'કલા ઉત્સવ-૨૦૨૪'માં શાળાની વિદ્યાર્થિનીઓ કુ. ગોરફાડ દિશીતા કલ્પેશભાઈએ બાલ કવિ સ્પર્ધામાં પ્રથમ સ્થાન અને કુ.ચોથાણી મીરાલી નવનીતભાઈએ વાદન સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું નામ રોશન કર્યું છે.

શાળાની દીકરીઓની આવી ઝળહળતી સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા, આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

# વિકાસશીલ ભારતમાં યુવાનોનું બહુવિધ યોગદાન વિષયે રાષ્ટ્રીય પરીસંવાદ યોજાયો



### સુંદર ભવિષ્યના નિર્માણ માટે યુવાનોની ભૂમિકા અતી આવશ્યક-શિક્ષણ થકી આજનો યુવાન સંર્વાગી વિકાસ કરી રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા સક્ષમ : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી કુલપતિ

જૂનાગઢ તા. ૨૩,

મલ્ટીડીસીપ્લીનરી નેશનલ કોન્ફરન્સ ઓન રોલ ઓફ યુથ ઈન ડેવલોપીંગ ઈન્ડીયા વિષયે ભાવનગરની નંદકુરવરબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં સભાખંડમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ.પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીનાં અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો.

સેમિનારમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિ. સંલગ્ન જે.કે.સરવૈયા કોલેજ અને માતુશ્રી નંદકુવરબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓને સંબોધતા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ઉપસ્થિત યુવાઓને સંબોધતા જણાવ્યુ હતુ કે શ્રેષ્ઠ ભવિષ્યના નિર્માણ માટે યુવાઓની ભૂમિકા આવશ્યક છે સાથે ઉચ્ચશિક્ષણ થકી આજનો યુવાન રાષ્ટ્ર વિકાસમાં પોતાનું યોગદાન જોડીરહ્યો છે શિક્ષણ સાથે ઈત્તર પ્રવૃતિઓ સંગીત, ચિત્ર, સ્પોર્ટ્સ, ઈન્ફરમેશન ટેકનોલોજી વિવિધ સંશોધનોમાં રસ લઈને તેમાં યુવાનધન મહારત હાંસલ કરી તેમનામાં રહેલી ક્ષમતા મુજબ પ્રોત્સાહનપણ જરૂરી છે. આજનાં રાષ્ટ્રીય સેમિનાર થકી યુવાનોને પોતાનાં કૌશલ્યવર્ધનમાં ઉપયોગીતા પુરવાર થશે. આ પ્રસંગે ઉપસ્થિત તારક મહેતા ઉલ્ટા ચશ્માનાં કલાકાર મયુર વાંકાણીએ યુવાનોને સંઘર્ષને સ્વીકારી જીવન ઘડતરમાં આગળ વધવા પોતાનાં જીવનાભવો રજુ કરી જણાવ્યું હતું કે આધુનિક યુગના વિજ્ઞાનના નવા આવિષ્કારો, ઉપકરણો, ગેઝેટોમાં રચ્યા-પચ્યા રહેતા યુવાનો વિદેશી સંસ્કૃતિના આંધળા અનુસરણો ને ત્યજીને ભારતિય સંસ્કૃતિ અને સંસ્કાર વારસાને ઉજાગર કરી રાષ્ટ્રવિકાસમાં પોતાનું કાર્યફલક વિસ્તારવુ જોઈએ. દેશની સાચી સંપતિ યુવાધન જ ગણાય છે પણ મોટા ભાગે યુવાનો વ્યસનોનું ગુલામ બની ગયું છે. આપણાં દેશ માટે આ એક મોટી ચિંતા છે. કાર્યક્રમનાં પ્રારંભે અતિથીઓને આવકારી સંસ્થા પરિચય અને રાષ્ટ્રીય સેમિનારનો હાર્દ નંદકુવરબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં ટ્રસ્ટીશ્રી ભરતસિંહજી ગોહેલે આપ્યો હતો. આ પ્રસંગે જે.કે. સરવૈયા કોલેજ અને ગુરૂ ગોવીંદસીંહજી યુનિનાં પ્રો.(ડો.) મહાવિરસીંહ ડાભી તેમજ અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બે મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યા : રૂા.૫.૮૧ લાખના મુદ્દામાલની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૪

ઊના તાલુકા ના ગામડાઓ જાણે તસ્કરો માટે રેઢું પડ હોય તેમ ચોરીના બનાવો બને છે. જેમાં ઊના તાલુકાના ખત્રિવાડા ગામે રહેતા મનસુખભાઈ બાબુભાઈ મકવાણા અને તેનો પરિવાર ગામના મકાનના દરવાજાને તાળા મારી ખેતરે કામ કરવા ગયા હતા. સવારે સાતથી સાંજ સુધીમાં કોઈ અજાણ્યા ઈસમોએ બંધ મકાનના ઝાળીના નકૂચા તોડી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ કબાટના લોક તોડી કબાટમાં રાખેલ રોકડા રૂપિયા ૧,૮૦,૦૦૦ અને રૂપિયા ૨ લાખ ૨૧ હજારની કિંમતનો સોનાનો ચેન, સોનાનો હારનો સેટ, બુટી, બાળકોનો ઓમકાર, નાકનો દાણો, ચાંદીનો ઝૂડો, બાળકોની કડી મળી કુલ રૂપિયા ૪લાખ, ૧ હજારના મુદામાલ ચોરી થયાની પોલીસમાં કરી હતી. તેવી જ રીતે ઊના તાલુકાના દુધાળા ગામે રામજી મંદિર પાસે રહેતા ગીતાબેન નિલેશભાઈ વંશ રે. દુધાળાના પણ બંધ મકાનના દરવાજાના તાળા તોડી રૂમમાં રાખેલ કબાટના તાળા તોડી કબાટમાં રાખેલ સોનાનું મંગળસૂત્ર, સોનાની વીટી, કાનની સોનાની સર, સોનાની રીંગ, ચાંદીની જાંજરી મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦ની કિંમતના દાગીનાની ચોરી કરી નાસી ગયાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તસ્કરોને પકડવા તજવીજ હાથ ધરી છે.

# આજે અંત્યોદય દિવસ

અંત્યોદય દિવસ ૨૦૨૪ પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિની ઉજવણી કરે છે, જે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના ઉત્થાન ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સમાવિષ્ટ સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે. ભારતીય સંદર્ભમાં, અંત્યોદયનો અર્થ એ છે કે આપણે સમાજના છેલ્લા વ્યક્તિના ઉદય અને વિકાસની ખાતરી કરવી પડશે. આ મિશન બિન-ખેતી ક્ષેત્રો, ગ્રામીણ યુવાનો અને મહિલાઓ માટે કૌશલ્ય વિકાસ, મૂલ્ય શૃંખલા વિકાસ અને એન્ટરપ્રાઈઝ પ્રમોશન સહિત વૈવિધ્યસભર આજીવિકાને પ્રોત્સાહન આપીને આર્થિક તકો વધારવાનો પ્રયાસ કરે છે. અંત્યોદય એક એવું મિશન હતું જે ગાંધીજીના હૃદયની નજીક હતું. અંત્યોદય શબ્દનો અર્થ થાય છે "છેલ્લા વ્યક્તિનો ઉદય" અથવા અત્યંત હતાશ, ગરીબ વર્ગના લોકોના ઉત્થાન તરફ કામ કરવું જે બાપુના મતે, અંત્યોદય દ્વારા સર્વનો વિકાસ, સર્વોદય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે.

# ખંભાળિયામાં વકીલોની ઓફિસ નજીક આગનું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયામાં બેઠક રોડ નજીક નવી લોહાણા મહાજન વાડીની પાછળની ભાગમાં ગઈકાલે સોમવારે બપોરે કોઈ કારણોસર આગ લાગી હોવાનો બનાવ બનવા પામ્યો હતો. આ સ્થળે આવેલી વકીલોની ઓફિસ પાસેની કોઈ કારણસર એકાએક આગ લાગતાં આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર સ્ટાફએ તાકીદે ઘટના સ્થળે દોડી જઈને ફાયર ફાઈટરની મદદથી આગ ઉપર આબુ મેળવ્યો હતો. આ આગમાં કોઈ મોટી જાનહાની થવા પામી ન હતી.

# જૂનાગઢમાં સંત વાસુરામ સાહેબની ૩૩મી વરસી ઉત્સવની ઉજવણી થશે

## ત્રણ દિવસ ધાર્મિક કાર્યક્રમ યોજાશે તેમજ ઉલ્લાસનગરવાળા ભગત અનિલ અને છમા છમ ટોલીનો પોગ્રામનું આયોજન

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢમાં આવેલ સંત વાસુરામ સચખંડ દરબાર શ્રી ગુરૂનાનક મંદિર ખાતે ૨૮/૨૯/૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ શનિવાર, રવિવાર, સોમવાર, એમ ત્રણ દિવસ સુધી ૩૩મું વરસીના આયોજન સાથે ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આદર્શનગર -૧ સંતવાસુરામ માર્ગ ઝુલેલાલ ચોક ખાતે આગામી તા.૨૮/૦૯/૨૦૨૪ શનિવારની સાંજે ૬ થી ૮:૩૦ કલાલે ભાવનદાસ ખંડેરીયા તેમજ રાજુભાઈ સંગતાણીનું ભજન કિર્તન યોજાશે તેમજ રાત્રે ૯:૦૦ કલાલે શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ અખંડ પાઠનો શુભારંભ થશે. ત્યારબાદ લંગર પ્રસાદનું આયોજન રાખેલ છે. તા. ૨૯/૦૯/૨૦૨૪ રવિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦કલાકે તેમજ સાંજે ૬ થી ૮:૩૦ કલાકે સુધી ભાવનદાસ ખંડેરીયા તેમજ રાજુભાઈ સંગતાણીનું ભજન સત્સંગ કિર્તન કરશે. રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ સુધી થી અનિલ ભગત છમાછમ ટોલી (ઉલ્લાસનગર વાળા) નું આયોજન કરવામા આવેલ છે અને તા.૩૦/૦૯/૨૦૨૪ સોમવારના રોજ સવારે ૮-૦૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી ભાવનદાસ ખંડેરીયા તેમજ રાજુભાઈ સંગતાણીનું ભજન સત્સંગ કિર્તન નુ તેમજ સાંજે ૬-૦૦ થી ૮:૩૦ સંત્સગ કિંતન થશે તે પછી સાંજે ૯-૦૦ કલાકે શ્રી ગુરુ ગ્રંથ સાહેબ અખંડ પાઠ સાહેબનું પુર્ણાહુતિ કરવામાં આવેશ પુર્ણાહુતિ બાદ લંગર પ્રસાદ (ભંડારો સાહેબ) શ્રી શાંતિપ્રકાશ કોમ્યુનિટી હોલમા યોજવામાં આવેલ છે. ભોગ સાહેબના દિવસે (પલવના દિવસે) શ્રી અનિલ ભગત છમાછમ ટોલી (ઉલ્લાસનગર વાળા) નું રાત્રે ૧૦-૦૦ થી ૧૨-૦૦ ભગત નુ આયોજન કરવામા આવેલ છે. તો આ સમગ્ર કાર્યક્રમ શ્રી ગુરુનાનક મંદિર ઝુલેલાલ ચોક સંત વાસુરામ માર્ગ આદર્શનગર–૧ જોષીપુરા જુનાગઢ ખાતે યોજાશે. આ ત્રણ દિવસ સમગ્ર ઉત્સવમા સૌરાષ્ટ્ર માથી તમામ સિંધી ભાઈ બહેન તેમજ શીખ સંગત સમગ્ર ગુરૂપ્રેમી સજનો આ ધાર્મિક વરસી કાર્યક્રમ મા બહોળી સંખ્યામા લાભ લે છે. તો આ વરસી ઉત્સવમાં પધારવા માટે સંમસ્ત સિંધી સમાજને સંત વાસુરામ સચખંડ દરબારના ગાદી પતી શ્રી ભાઈ સાહેબ રાજ કુમાર આર વાસવાણી સમાજની દરેક પ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવે છે. આ ઉત્સવ બહારગામથી પધારવા માટે ત્રણ દિવસ માટે રહેવાની તથા ભંડારા સાહેબની વ્યવસ્થા કરવામા આવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# સૂર શબદને સથવારે સુગમ અને ભક્તિ સંગીત કાર્યક્રમ યોજાયો

## સંગીતએકસાધનાછે, આરાધનાછે, સંગીતએ યોગછે, આત્માને પરમાત્મા સાથે ભક્તિથી ભેળવવાની એક સુંદર અનુભૂતિ છે.- પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી







જૂનાગઢ, તા. ૨૪

ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગરનાં આર્થિક સહયોગથી સપ્તક સંગીત વિદ્યાલય અને બ્રહ્મસમાજ મહિલા મંડળ જૂનાગઢનાં ઉપક્રમે આયોજીત સૂર શબદ નાં સથવારે સુગમ સંગીત અને ભકિત સંગીતનો અનોખો કાર્યક્રમમા ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને અને જૂનાગઢનાં ધારાસભ્ય શ્રી સંજયભાઇ કોરડીયાની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાયો હતો. કાર્યકમમા ભકતકવિ નરસિંહનાં પદગાનમા ઓતપ્રોત જુનાગઢના સંગીત રસિયાઓને પ્રાસંગિક વાત કરતા કાર્યક્રમનાં અધ્યક્ષ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે સંગીત એક સાધના છે, આરાધના છે, સંગીત એ મેડીટેશન છે. સંગીતએ આત્માને પરમાત્મા સાથે ભકિતથી ભેળવવાની એક સુંદર અનુભૂતિ છે.સુગમ સંગીત તો ભારતીય સંગીત વિદ્યાનું એક અંગ છે.જેને નિયમોથી બાંધવામાં ન આવ્યું હોય, જે લોકોમાં પ્રિય હોય તેવા સુગમ સંગીતમાં રજુ થઇ રહેલ લોકપ્રિય ગીત, લોકપ્રિય સંગીત, ભજન, ફિલ્મ ગીતથી સભર કાર્યક્રમ જૂનાગઢવાસીઓનાં સંગીત તૃષ્ણાને સંતોષે છે. આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય સંજયભાઇ કોરડીયાએ ઔપચારિક વાત કરતા જણાવ્યુ હતુ કે દેશના પ્રખર સંગીતજ્ઞ ઠાકુર જયદેવસિંહે ‘સુગમ સંગીત’ નામ આપ્યું અને ત્યારથી સંગીત, શુદ્ધ શાસ્ત્રીય ભારેખમ સંગીતની સરખામણીમાં, સર્વસામાન્ય શ્રોતાગણ માટે સાંભળવું, સમજવું અને માણવું સહેલું અને સરળ પડે તે રીતે રજુ થઇ રહ્યુ છે. ભક્તિગીતો અથવા ભજન મનને શાંત કરવામાં મદદ કરી શકે છે જેથી હૃદય પરમાત્મા માટે ખુલી શકે, જે આપણને આનંદદાયક વાસ્તવિકતાનો સ્વાદ લે છે. કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત અતિથી તારક મહેતાનાં ઉલ્ટા ચશ્મા સિરીયલનાં આર્ટીસ્ટ મયુર વાંકાણીએ જણાવ્યુ હતુ કે અત્ર, તત્ર, સર્વત્રા જ્યાં જુઓ ત્યાં સંગીત માણવા મળે. ઝરમર વરસતા વરસાદમાં, ખળખળ વહેતા ઝરણામાં, કલરવ કરતાં પંખીઓમાં, નૃત્ય કરતા મયુરમાં, ખીલખીલ કરતા બાળકમાં, થનગન કરતા યુવાન હૃદયમાં, ગંભીર એવા વૃદ્ધોમાં અને જૂનાગઢની ખળ ખળ વહેતી સોનરખ સરીતાનાં જળ પ્રવાહમાં સંગીત સંભળાય છે. સ્વર સંગીત શ્રુતિઓમાં ભળતી મધુરપને કારણે રચાતા જુદા જુદા રાગો આપણને સાંભળવા માણવા ગમે છે. ભકતકવિ નરસીંહ મહેતાએ કેદારા રાગથી ઈશ્વરનો એકાકાર કર્યો, તાનસેને ગાયેલ . દીપક રાગ અને તાનારીરી દ્વારા મલ્હાર રાગ આપણાં લોકસંસ્કૃતિનાં વારસામાં વણાયેલ બીજ છે. કાર્યક્રમમાં સપ્તક સંગીત વિદ્યાલયાનાં સંગીતજ્ઞો, જાણીતા સંગીતકાર વિપુલભાઇ અને રાજુભાઇ ભટ્ટ સહિત કલામર્મીઓએ જૂનાગઢનાં કલાપ્રેમીઓને સુગમ અને ભકતીરસથી રસ તરબોળ કર્યા હતા.

# બી.એ.પી.એસ સંસ્થાના વડા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનું જૂનાગઢનાં આંગણે પાવનકારી આગમન







જૂનાગઢ, તા.૨૪

સમગ્ર વિશ્વમાં સનાતન હિંદુ ધર્મનો ધ્વજ લહેરાવનાર ગુણવંત ગુણાતીત સંત એવા બી.એ.પી.એસ સંસ્થાના વર્તમાન વડા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ, શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં પદ પંકજે પુનિત થયેલ જૂનાગઢની ધરા પર લાંબા સમય બાદ ખાસ પધારી રહ્યા છે. તરીખ ૧ થી ૧૩ ઓક્ટોબર નવરાત્રીના પાવન પર્વ દરમિયાન તેમનાં પાવનકારી પગલાં જૂનાગઢમાં પાડી રહ્યાં છે. ત્યારે જૂનાગઢ શહેર સહીત સમગ્ર સોરઠ પ્રદેશના હરિભક્તો તેમને વધાવવા ભારે ઉત્સુક અને આનંદિત છે. જૂનાગઢનાં અક્ષરવાડીમાં આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે મહંત સ્વામી મહારાજનાં તા.૧/૧૦/ ૨૦૨૪ને મંગળવારના રોજ સાંજે આવકાર- વધામણાં થશે. મહંત સ્વામી મહારાજનાં રોકાણ દરમિયાન તેઓનાં દિવ્ય સાંનિધ્યમાં સાંજે ૫:૦૦ થી ૮:૦૦ દરમ્યાન સ્વાગત દિન, વિદ્યામંદિર દિન, સાંસ્કૃતિક દિન, બાળ-યુવા દિન અંતર્ગત વિવિધ કાર્યક્રમો માર્કી વડે બંધાયેલા ભવ્ય સભા મંડપમાં થશે. આ દરમ્યાન મહિલા સંમેલનનું પણ આયોજન કરવામાં આવનાર છે. આ દિવસો દરમ્યાન સવારે બ્રાહ્મમુહૂર્તમાં ૦૫:૪૫ વાગ્યે પરમ પૂજય મહંત સ્વામી મહારાજનાં પૂજા દર્શનનો પણ પવિત્ર લાભ પ્રાપ્ત થનાર છે.

હાલ મહંત સ્વામી મહારાજનનાં આગમનને લઈને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે સંતો-ભક્તો, યુવકો, છાત્રો મંદિર પરીસર અને વિદ્યામંદિર પરીસરને સ્વચ્છ કરી સજાવી- ધજાવીને એક નવો ઉઠાવ આપી રહ્યા છે. પરમ સાધુતા અને દિવ્યતાની મૂર્તિ સમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શનાર્થે તથા સત્સંગનો લાભ પ્રાપ્ત કરવા સોરઠના સહુ ભાવિકજનોને પધારવા મંદિરના કોઠારી સાધુ ધર્મવિનયદાસજીએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# વેરાવળમાં મકાનના દબાણને દુર કરવા તંત્રએ આપેલ નોટીસના પગલે મહિલાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા અરેરાટી પ્રસરી

## સરકારી જમીનમાં ખડકાયેલા ૭૦ જેટલા કાચા મકાનો દુર કરવા પાલીકા તંત્રએ ૭૦ આસામીઓને નોટીસ પાઠવેલ : કોંગી ધારાસભ્યએ તંત્રની દબાણ હટાવ નિતી સામે સવાલો કરી આકરા પ્રહારો કર્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૪

વેરાવળમાં સરકારી હોસ્પીટલ પાસે સરકારી જમીનમાં થયેલ કાચા મકાનોના દબાણો દુર કરવા પાલીકા તંત્રએ આપેલ નોટીસના પગલે ડીપ્રેશનમાં આવી ગયેલ ૪૩ વર્ષીય મહિલાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. આ ઘટનાની જાણ થતા સરકારી હોસ્પીટલએ પહોંચેલ કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ગરીબ માણસોના મકાનો ડીમોલેશન કરવાની નિતીને લઈ તંત્ર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવેલ કે, આ મહિલાનું મૃત્યું થયું નથી આ મર્ડર થયું છે આ મર્ડર તંત્રએ કર્યુ છે. આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. વેરાવળમાં સિવીલ હોસ્પીટલ નજીક ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં કાચા મકાનોના અનઅધિકૃત દબાણ થયેલા હોય જેને દુર કરવા ત્રણેક દિવસ પહેલા પાલીકા તંત્ર દ્વારા અંદાજે સીતેરક લોકોને દબાણો દુર કરવા નોટીસો પાઠવી હતી. જે પૈકી એક મકાનમાં રહેતી માયાબેન રામપદ સરકાર(ઉ.વ.૪૨) નામની મહિલાએ ગતરાત્રીના ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી છે. ત્યારે આ અંગે મૃતક મહિલાની બેન વનિતાએ મિડીયા સમક્ષ જણાવેલ કે, ત્રણેક દિવસ પહેલા મકાન પાડી દેવા મળેલ નોટીસથી માયાબેન ડીપ્રેશનમાં આવી ગયા હતા. ગતરાત્રીના અમો અમારા સંબંધીને ત્યાં ગયેલ તે સમયે ઘરમાં એકલા હોવાથી તેઓએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતુ. જેની અમો આજે સવારે ઘરે આવ્યા ત્યારે ડેલી ખખડાવવા છતાં ખોલતા ન હોય ત્યારે બારીમાંથી જોતા માયાબેન ગળેફાંસો ખાધેલ હાલતમાં હતા. જેથી તુરંત પોલીસ અને ૧૦૮ ને જાણ કરી હતી. મારી બહેનએ તંત્રએ પાઠવેલ નોટીસથી તણાવમાં આવી ગયા બાદ આપઘાત જેવું પગલુ ભર્યુ છે. આ ઘટના માટે નોટીસ આપનાર જવાબદાર છે. આ ઘટનાની જાણ થતાં સિવીલ હોસ્પીટલએ દોડી આવેલા સોમનાથના કોંગી ધારાસભ્ય વિમલ ચુડાસમાએ તંત્ર ઉપર આકરા પ્રહાર કરતા જણાવેલ કે, આ મહિલાનું મૃત્યું થયું નથી આ મર્ડર થયું છે આ મર્ડર તંત્રએ કર્યુ છે. છેલ્લા ઘણા સમયથી જીલ્લામાં નાના વર્ગના લોકોના ઘરો તોડવાની કામગીરી તંત્ર કરી રહ્યુ છે. ત્યારે આવી નિતીથી કામગીરી ચાલુ રહેશે તો હજુ અનેક લોકો આપઘાત જેવા પગલાં ભરશે તો તેની જવાબદારી તંત્રની રહેશે.





# સાક્ષર લાભુ દાદા પુરોહિતની પ્રથમ માસિક પુણ્યતિથિએ વૈદિક હૃદયાંજલિ અર્પણ થઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢની રૂપાયતન સંસ્થા પરિવાર દ્વારા જાણીતા સવાયા સાક્ષર પૂજ્ય લાભ શંકર દાદા પુરોહિતની પ્રથમ માસિક પુણ્યતિથિએ રૂપાયતન સંસ્થા ભવનાથ તળેટી ખાતે ૨૫ કુંડી શ્રીગૌ ગાયત્રી યજ્ઞ યાગ દ્વારા વૈદિક રીતે અંજલિ અર્પણ કરાય ભવનાથ તળેટીના પરિક્રમા માર્ગ ઉપર આવેલા રૂપાયતન પરિસરમાં ૧૫૦ બાળકો અને ૧૧ રૂપાયતન પરિવારજનો દ્વારા શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગનું દિવ્ય આયોજન થયું હતું. માણાવદરથી ખાસ નિમંત્રિત ભૂદેવો દ્વારા શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગનો પ્રારંભ થયો, ગૌમાતા નંદી બાબાની વંદના, ગિરનારની વંદના અને શ્રી ગુરૂદત્તાત્રયના મુખ્ય યજમાન પદે યોજાયેલા શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગમાં શ્રી ગણેશજી મંત્ર માલ હોમ, શ્રી ગાયત્રીજી મંત્ર માલા હોમ, ગાયત્રી ચાલીસા પાઠ, હનુમાન ચાલીસા પાઠ, વિષ્ણુ મંત્ર હોમ અને શ્રી સુરભી ગાય માતા મંત્રની આહુતિઓ અર્પણ કરાઈ હતી. શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગના સંયોજક બ્રહ્મપુત્રમાં નર્મદા પ્રેમી અને ગૌ ઉપાસક મયૂર રાવલના વડપણ હેઠળ મુખ્ય આચાર્ય દ્વારિકા વેદ પાઠશાળાના શાસ્ત્રી પૂજ્ય અનિલભાઈ જોશી, ઉપા ઉપાચાર્ય શાસ્ત્રી કિરણભાઈ પંડ્યા, શાસ્ત્રી વેદાંત પંડ્યાએ શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગ સેવા આપી હતી. રૂપાયતન પરિસરના બાળકો અને પરિવારજનોએ રૂપાયતન પરિવાર જનોએ ભાગ લીધો હતો. ૧૫૦ બાળકો અને ૧૧ સ્ટાફ પરિવાર સાથે ૫૩,૧૩૦ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. પ્યારા મોરારીબાપુના પ્રિયજન, કથાકાર ત્રિવેણીના સંયોજક, અસ્મિતા પર્વ, શ્રી નરસિંહ એવોર્ડ સહિત વિવેચક એવા પૂજ્ય લાભશંકરભાઈ પુરોહિતજીનો જન્મ કુતિયાણાના પાસેના દેવડા ગામે ૨૯/૧૨/ ૧૯૩૩ નારોજ થયો હતો. સંસ્કૃતના પ્રોફેસર તરીખે જૂનાગઢ, અમદાવાદ અને જામનગરની એમ.પી. શાહ કોલેજના પ્રિન્સીપાલ પદેથી નિવૃત્ત થયા હતા. રૂપાયતન સાથે તેમને પુરાણો નાતો પૂજ્ય લાભુદાદા પુરોહિત ૯૧ વયે ૨૧/૦૮/૨૦૨૪ નારોજ જામનગર ખાતે ગોલોક વાસી થયા, પ્રથમ માસિક પુણ્યતિથિએ રૂપાયતન પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી હેમંતભાઈ નાણાવટી અને રૂપાયતન પરિવારે વૈદિક રીતે પૂજ્ય લાભુદાદા ને હૃદયાંજલિ અર્પણ અનોખું આયોજન કર્યું હતું. હેમંતભાઈ નાણાવટીની રાહબરી નીચે ધનાભાઈ બંધીયા, આચાર્યા મીનલ બેન કાથડ, સન્નીભાઈ જોશી અને સ્ટાફ પરિવારે સુંદર કામગીરી કરી હતી. આ અવસરે દાદુભાઈ કનારા મીનરાજ સંકુલ ખાસ પધારેલ અને સુચારૂ સંચાલન ગો ઉપાસક મયૂર રાવલ કર્યું હતું.

# વેરાવળમાં પાલીકાના પૂર્વ પ્રમુખએ ઠપકો આપતા ત્રણ લુખ્ખાઓએ છરી બતાવી હિચકારો હુમલો કરતા ચકચાર

## શહેરમાં લુખ્ખાઓ બેફામ બનતા પોલીસની ધાક ઓસરી રહ્યાની લોકમાં ચર્ચા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૪

વેરાવળમાં રસ્તા ઉપર જાહેરમાં દારૂની મહેફીલ માણતા ત્રણ લુખ્ખા શખ્સોને પાલીકાના પુર્વ પ્રમુખએ ઠપકો આપતા છરી બતાવી હિંચકારો હુમલો કર્યાની ઘટના સામે આવતા ચકચાર પ્રસરી છે.

આ ઘટના પોલીસવડાના બંગલાથી તદ્દન નજીક બનતા શહેરમાં પોલીસની ધાક ઓસરી ગયાની પ્રતિતિ સમાન હોવાની લોકોમાં ચર્ચા થઈ રહી છે. અસામાજીક તત્વો સામેની લેખીત ફરીયાદ છતાં પણ સીટી પોલીસનું કુણું વલણ શહેરની શાંતિને ડહોળી શકે છે. વેરાવળમાં અસામાજીક તત્વોને જાણે પોલીસનો ડર ન હોય તેમ બેફામ બની ગયા હોવાની પ્રતિતિ કરાવતી ઘટનાની પોલીસમાંથી પ્રાપ્ત વિગતોનુસાર ગતરાત્રીના વેરાવળ પાલિકાના પૂર્વ પ્રમુખ પિયુષ ફોફંડી ચોપાટી રોડ ઉપર યોગ મંદિરે કારમાં જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં હોટલ લેમન ટ્રીની ગલીમાં રસ્તા ઉપર ફેજલ ઉર્ફે ફેજુડો તથા બે અજાણ્યા શખ્સો મોટર સાઈકલ આડી રાખી દારૂ પિતા હોવાથી કાર ઉભી રાખીને કહેલ કે, રસ્તો રોકી દારૂ શા માટે પીવો છો ? જેથી ત્રણેય શખ્સો ઉશ્કેરાઈ જઈ મનફાવે તેમ ગાળો બોલી પીયુષ ફોફંડીને ઢીકા-પાટુનો માર મારેલ અને એક શખ્સે બે વખત મોટર સાયકલ ચડાવવાનો પ્રયત્ન કરેલ તેમજ અન્ય એક શખ્સે પોતાના પેન્ટના ખીસ્સામાંથી છરી કાઢીને બતાવી કહેલ કે, આ જોઈલે સગી નહી થાય અને જો ફરીવાર આ બાજુ દેખાણો તો જાનથી પતાવી દઈશ તેવી ધમકી આપી નાસી ગયા હતા. આ ઘટનાને લઈ પુર્વ પ્રમુખ પીયુષ ફોફંડીએ મફતિયાપરા વિસ્તારમાં રહેતા ફેજલ ઉર્ફે ફેજુડો તથા બે અજાણ્યા શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે, પાલીકાના પુર્વ પ્રમુખ ઉપર બનેલ હીંચકારા હુમલાનો ઘટના જીલ્લા પોલીસવડાના બંગલાથી તદ્દન નજીકના વિસ્તારમાં બની હોય અને જ્યાં લુખ્ખા તત્વો જાહેરમાં ખુલ્લેઆમ દારૂની મહેફીલ માણતા હોવાથી સમજી શકાય કે શહેર પોલીસની અસામાજીક તત્વો ઉપર કેટલી ધાક છે તે સમજી શકાય. જો પોલીસ સત્વરે આવા અસામાજીક તત્વોને નસિહત નહીં કરે તો આગામી દિવસોમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી જાય તો નવાઈ નહીં. આ પહેલો કિસ્સો નથી શહેરમાં કોમી અશાંતિ ફેલાય તેવા કૃત્ય કરનાર સામે પણ પોલીસ મુખપ્રેક્ષક બની કુણું વલણ દાખવી રહ્યાના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે હવે પોલીસે કડક કાર્યવાહી કરવી ઘટે તેવી પ્રજામાં ચર્ચાય રહ્યુ છે.

# શક્તિ અને સામર્થ્ય પ્રમાણે શ્રાદ્ધ કર્મ અવશ્ય કરવું

પૂર્વજોને ઉદ્દેશીને શ્રદ્ધાપૂર્વક કરેલા કર્મને શ્રાદ્ધ કહેવામાં આવે છે. જીવતા વડીલોને ગુરૂજનો ને ઉદ્દેશીને તેમના પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરવા માટે અનેક પ્રકારની સેવા પૂજા છે જેનાથી તેઓ સંતુષ્ટ થાય છે. પરંતુ સદગત થયેલા સ્વજનો કે જેને આપણે પિતૃ દેવની ઉપવાસ આપીયે છીએ તેમના પ્રત્યે શ્રદ્ધા અને સ્નેહ પ્રગટ કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે પિતૃ પક્ષ એટલે કે મહાલયના દિવસો ભાદરવા વદ એકમથી આસો સુધી એકમ સુધી એમ સોળ દિવસ શ્રાદ્ધ કરીએ છીએ. જે આપણા કલ્યાણ માટે ઋષિ-મુનિઓએ આપેલી પરંપરા છે. પિતૃદેવો પ્રત્યે કૃતજ્ઞતા ના ભાવો ને સ્થિર રાખવા આ કર્મ કરવું જોઈએ. તે આપણી સંસ્કૃતિની મહાનતા ને પ્રગટ કરે છે. તેમના પ્રત્યે આદર્શ ભાવ પ્રગટ કરવા કે તેમના સત્કાર કરવા માટે આપણને સોળ દિવસ આપવામાં આવ્યા છે. પિતૃ દેવોની ભક્તિ ઉજ્જવળ આદર્શ વ્યક્ત કરવા માટે આ શુભ સમય છે. પિતૃ પક્ષ સનાતન ધર્મ અને હિન્દુ ધર્મની પરંપરામાં વિશેષ મહત્વ ધરાવે છે. ભાદરવા માસનો કૃષ્ણ પક્ષ પિતૃ પક્ષ કે શ્રાદ્ધ પક્ષના નામથી ઓળખવામાં આવે છે. સનાતન ધર્મની માન્યતા પ્રમાણે મનુષ્યનો આત્મા શરીર છોડે ત્યારબાદ તે ચંદ્રલોક તરફ ગતિ કરે છે. ત્યાં તે પિતૃ લોકમાં પહોંચે છે ત્યાં તેમને પ્રસન્નતા મળી રહે તે માટે તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ કરવાનું વેદો- પુરાણોમાં વિધાન છે. ત્યારે માતા પિતા તથા ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા ની ભાવના જીવનભર વ્યક્ત કરતા રહેવાની આવશ્યકતા છે. તેમના આર્શીવાદ થી શ્રાદ્ધ કરનાર અને તેના પરિવાર ને આયુષ્ય, પુત્ર, બળ, વૈભવ, યશ, સુખ, ધન- ધાન્યની પ્રાપ્તિ થાય છે. માતા-પિતા -પરિવારજનો કે ગુરુજનોને ઉદેશીને શ્રાદ્ધ પક્ષમાં નિયત થયેલ દિવસે શ્રાદ્ધ કરવું આવશ્યક છે. પ્રાચીનકાળથી ચાલી આવતી આ પરંપરા જાળવી રાખવી જરૂરી છે. જો શક્ય હોય તો શ્રી વિષ્ણુ પૂજન સહિત તર્પણ અને પિંડદાન કર્યા પછી કાક બલી (કાગવાસ), ગૌ બલી (ગાયને જમાડવું), શ્વાન બલી (કૂતરાને જમાડવું), બ્રહ્મ ભોજન તથા પરિવારની દીકરી (જમાઈ-દીકરા-દીકરી સહિત) અને સાંજે પીપ્લીકા બલી (કીડીયારું પુરવું), એમ પંચબલી ઉપરાંત પરિવારના તમામ સભ્યોએ સાથે ભોજન ગ્રહણ કરવું જોઈએ. જેથી પિતૃ દેવતાઓ વિશેષ પ્રસન્ન થાય છે. આ તમામ કર્મ માત્ર કરવા ખાતર ન કરતા તે શ્રદ્ધા-ભક્તિ સાથે કરવા જોઈએ. પૂર્વજોને ઉદેશીને આ કર્મ કરતી વખતે તેમનું અંતઃકરણથી સ્મરણ કરવું જોઈએ. આપણે સૌ જાણીએ છીએ કે, તેમના આર્શીવાદ થકી જ આપણને આ શરીર અને વારસો મળ્યો છે. તેમને પ્રસન્ન રાખવાના ભાગરૂપે આપણી શક્તિ અને સામર્થ્ય પ્રમાણે શ્રાદ્ધ કર્મ અવશ્ય કરવું જોઈએ. જેથી આપણા પર તેમની કૃપાદ્રષ્ટિ બની રહે અને આપણા સંતાનોમાં પણ આ પરંપરા જાળવવાના સંસ્કાર પડે.

**-દેવેન કનકચંદ્ર વ્યાસ**

# રોડ સેફટી કમિશ્નરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જૂનાગઢ જીલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા) જુનાગઢ તા.૨૪



જૂનાગઢ જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક રોડ સેફટી કમિશ્નરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં માર્ગ સલામતી અંગે જરૂરી દિશા નિદર્શો આપવામાં આવ્યા. રોડ સેફટી કમિશ્નરશ્રી એસ.એમ.પટેલ વચ્યુઅલ ઉપસ્થિત રહી માર્ગ સલામતી અંગે થયેલ કામગીરી નો તાગ મેળવ્યો હતો. કમિશ્નર દ્વારા ફાટક એક્સિડન્ટ ઘટાડવા પર ભાર મૂકી જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા. ટુવ્હિલ ચાલકો હેલ્મેટ પહેરે તે અંગે ચોક્કસ જગ્યા નક્કી કરવા જણાવેલ જ્યાંથી કોઈપણ વ્યક્તિ હેલ્મેટ વગર ના જઈ શકે તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. વાહન વ્યવહાર અધિકારી એ.પી. પંચાલ દ્વારા જૂનાગઢ જિલ્લામાં માર્ગ સલામતી માટે થયેલ કામગીરી નું પીપીટી પ્રેઝન્ટેશન રજુ કરી કામગીરી વિશે માહિતગાર કર્યા. આ બેઠકમાં પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેક્ટર એન.એફ.ચૌધરી તેમજ સબંધિત કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# વિશ્વના સૌથી મોટા ઈનામી આંતકવાદીની હત્યા અને વિશ્વ ઉપર છવાયો રિજિયોનલ યુદ્ધનો ખતરો ?

**શું ઈઝરાઈલ અને હિઝબુલ દ્વારા યુધ્ધ નું એલાન શું મિડલ ઈસ્ટ બનશે રણ મેદાન ? ઈઝરાયલ દ્વારા કોમ્યુનિકેશન નેટવર્ક દ્વારા ડીઝીટલ એટેક અને હિઝબુલ ના સંપૂર્ણ નેટવર્ક ને આવ્યો હાર્ટ એટેક ? મીડલ ઈસ્ટના યુદ્ધમાં પરોક્ષ કે અપરોક્ષ રીતે જોડાયેલ રાષ્ટ્રો ઈલેક્ટ્રોનિક ડીવાઈસના ઉપયોગથી દૂર ભાગવા !!?**




(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા) ઓખા પોર્ટ તા.૨૪

ગત તારીખ ૭-૧૦-૨૦૨૩ના રોજ પેલેસ્ટાઈનની મિલ્ટરી વીંગ હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલુ થયેલ યુધ્ધમાં સીઝ ફાયર થવાના બદલે સી ફાયર તરફ જઈ રહેલ હોય તેમ આસપાસના દેશો અને એશિયન ઓશિયનના સમુદ્રને રણ મેદાન થવા તરફ જઈ રહેલ હોય તેમ હાલ અમેરિકાનો સૌથી મોટોનો કાફલો "હેરી" અહીં પહોંચ્યો છે. જ્યારે રશિયન યુદ્ધ જહાજો પોતાની હાજરી પુરાવી રહ્યાં છે. મિડલ ઈસ્ટના દેશોના બંદરો ઉપર અલગ અલગ દેશોનાનો કાફલા લાંગરેલ પડ્યા છે. જ્યારે બીજી બાજુ પેલેસ્ટાઈન અને ઈઝરાયલ વચ્ચે ચાલુ થયેલ યુદ્ધ ધીરે ધીરે લેબેનોન અને ગાઝા તરફ ફંટાતા હવે આ યુદ્ધ શીયા આંતકવાદી સંગઠન હિઝબુલ અને ઈઝરાયલ વચ્ચે ચાલુ થતા અને તેમાં પણ ગત તારીખ ૧૭-૯-૨૪ના રોજથી ઈઝરાયલ દ્વારા ચાલુ કરાયેલા ડીઝીટલ વેપન જેવા પેજર, વોકી ટોકી, સોલાર પેનલ, લેપટોપ, ટીવીને અત્યાધુનિક ટેકનીક દ્વારા તેને બોમ્બની માફક વિસ્ફોટ સાથે એક ઘાતક હથિયાર તરીકેના ઉપયોગે વિશ્વને ચોંકવી નાખ્યા બાદ હિઝબુલના વાળા દ્વારા આ ઘટનાના પ્રત્યાંઘાત આપતા ઈઝરાયલ સામે યુદ્ધની શરૂઆત ગણાવી પેલેસ્ટાઈનના સ્થાને હવે ઈઝરાયલ સામે હવે પોતાને રજુ કરતા અને તેમના આકા ઈરાનને અને અન્ય આસપાસના મીડલ ઈસ્ટના રાષ્ટ્રોને જોડવાના પ્રયાસો સાથેના યુદ્ધના એલાનનો પ્રત્યુતર આપતા ઈઝરાયલ દ્વારા તારીખ ૧૭, ૧૮, ૧૯ના અવનવા ડીઝીટલ વેપન હુમલા બાદ વિશ્વમાં જેમના મોત કે શોધ માટે અમેરીકા દ્વારા રૂપિયા ૬૦ કરોડનું સૌથી મોટુ ઈનામ ધરાવતા ઈઝબુલના કમાંડર અને મુસ્લીમ રિવોલ્યુશનરી કાઉન્સિલના મેમ્બર અને વિશ્વભરમાં આંતકવાદી જૂથો અને પ્રવૃતીઓનું નેટવર્ક ધરાવતા આંતક્વાદી ઈબ્રાહીમ અકિકને ડ્રોન હુમલા દ્વારા ગઈકાલે મોતને ઘાટ ઉતારી વિશ્વને પોતાના જાસુસી તંત્રનો પરચો આપતા મીડલ ઈસ્ટ આસપાસના રાષ્ટ્રોમાં હવે આ યુદ્ધ ડીઝીટલ વેપન દ્વારા ચાલુ થયાનું જાણી કોઈપણ પ્રકારના વીજ સંચાલિત ઉપકરણના ઉપયોગથી ડરવા લાગ્યા છે અને પોતાને વિશ્વ સાથેના સંપર્કથી દૂર કરવા લાગ્યા છે અથવા નવા ઈલેક્ટ્રોનિક ડીવાઈસની શોધમાં લાગી ગયા છે.

જ્યારે બીજી બાજુ છેલ્લા એક વર્ષથી વિશ્વ ઉક્રેઈન રશિયા વચ્ચેના બે વર્ષથી ચાલતાં યુદ્ધમાં જેવી હાલત ઉક્રેઈનની રશિયા જેવી મહાસતા સામે છે તેવી હાલત ઈઝરાયલની મુસ્લીમ રાષ્ટ્રો વચ્ચે ઘેરાયેલ અને વિશ્વ શીયા મુસ્લીમ સમુદાયનો પરોક્ષ અને અન્ય મુસ્લીમ રાષ્ટ્રોનો અપરોક્ષ સહકાર ધરાવતા આ મીડલ ઈસ્ટમાં છેલ્લા એક વર્ષથી ઈઝરાયલ હમાસ, હિઝબુલ વચ્ચેના યુદ્ધ તરફે સક્રીય ભૂમિકા ભજવી રહ્યા છે. ત્યારે જ ઈઝરાયલ દ્વારા વિશ્વને ઈલેક્ટ્રોનિક ડીવાઈસ અને હાઉસ હોલ્ડ ઉપકરણોને અકલ્પનીય રીતે ડીઝીટલ વેપનમાં પરિવર્તીત કરી ઘાતક હથિયાર બનાવી સૌને ચોંકાવી નાખવા સાથે કોઈપણ યુદ્ધમાં પાયાની જરૂરિયાત તેવા કોમ્યુનિકેશન વ્યવસ્થાનો ઉપયોગ જ હથીયારમાં પરિવર્તીત કરવાની પોતાની તાકાતનું પ્રદર્શન કરી સૌને અપરોક્ષ રૂપે ચેતવણી આપી તેમને આ યુદ્ધથી દૂર રહેવાનું અન્યથા પરિણામ ભોગવવાની ચેતવણી સમાનની ઘટનાઓનો સિલસીલો છેલ્લા ચાર દિવસથી ચાલુ રાખતા હવે આ યુદ્ધ મહાભારતની માફક રિલીજીયન વોર(ધર્મ યુદ્ધ) તરફ જઈ રહ્યાનું અને વિશ્વના દેશોને તેમની ઈન્ટરનેશનલ પોલીસી સ્પષ્ટ કરી એક બીજા દેશો સાથે સબંધો જોડવાની અને નિભાવવાની ચેતવણી આપતો સમય શરૂ થયાનું જાણકારો જણાવી રહ્યાં છે. ત્યારે આવનારૂ નવું વર્ષ ચાલુ થાય તે પહેલા વિશ્વ મહાસતા અમેરીકારની ચૂંટણી પુરી થશે અને તેમાં વિજેતા થનાર ઉમેદવાર અને પાર્ટીની પોલીસીને આધારે વિશ્વ વર્ષ ૨૦૨૫માં પ્રવેશ કરી વિશ્વને વિકાસ તરફ કે વિનાશ તરફ દોરી જશે તે તો ભવિષ્યના ગર્ભમાં રહેલું સત્ય છે પણ અત્યારે તો આ યુદ્ધ નો થયેલ શંખનાદ આવનારા ત્રણ મહિના પછીના વિશ્વનો પાયો બની રહેનાર છે જે પણ સત્ય છે.

## તંત્રી લેખ

# યુપીઆઈની વધતી વૈશ્વિક માન્યતા

લગભગ એક દાયકા પહેલાં સુધી આમ આદમી માટે એ કલ્પના પણ નહોતી કરી શકાતી કે આપણો મોબાઈલ જ આપણું પર્સ કે વોલેટ બની જશે. પરંતુ વર્ષ ૨૦૧૬માં યુપીઆઈ એટલે કે 'યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ'ના લોન્ચિંગે તેને સંભવ કરી દેખાડ્યું. એમ તો ૨૦૧૬માં થયેલ નોટબંધીને કેટલાય મામલે નકારાત્મક અસર માટે પણ યાદ કરવામાં આવે છે. પરંતુ કમ સે કમ 'યુપીઆઈ' માટે તો એમ જ કહી શકાય કે આ પગલું એક રીતે વરદાન બની ગયું. હવે એક રૂપિયાથી માંડીને હજારો રૂપિયાના પેમેન્ટમાં યુપીઆઈનો ઉપયોગ ભરપૂર કરાવા લાગ્યો છે. ડિજિટલ લેવડદેવડના આંકડામાં ભારત ૧૧૭.૬ અબજ ટ્રાન્ઝેક્શન સાથે દુનિયાનો નંબર વન દેશ બની ચૂક્યો છે. ૨૦૨૧માં યુપીઆઈ પહેલી વાર દેશની સીમાઓ પાર કરીને ભૂટાન ગયું. આ દરમ્યાન એક સારી વાત એ થઈ કે તેનો ઉપયોગ ભારતથી આગળ વધીને અન્ય કેટલાય દેશોમાં થવા લાગ્યો છે. ભૂટાન, નેપાળ, સિંગાપોર, યુએઈ, મોરેશિયસ, ફ્રાન્સ અને શ્રીલંકામાં પણ યુપીઆઈને ચૂકવણીની એક પ્રણાલી રૂપે માન્યતા મળી ચૂકી છે. હજુ હાલમાં જ માલદીવે પણ તેની સાથે જોડાવાની ઘોષણા કરી છે.

યુપીઆઈની સફળતાના ચાર મુખ્ય કારણો ગણાવાય છે. તેમાં પહેલું છે સ્માર્ટફોન યુઝર્સની સંખ્યા છેલ્લા આઠ વર્ષમાં આપણા દેશમાં બેગણાથી વધારે વધી ગઈ છે. હાલમાં આ સંખ્યા ૬૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. યુપીઆઈની સફળતાનું એક મુખ્ય કારણ ભારતમાં સસ્તા અને આસાનીથી મળનારા સ્માર્ટફોન છે. ૨૦૧૬માં આપણા દેશમાં ડિજિટલ ટેકનિક અને મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ આમ આદમીની પહોંચમાં આવી ચૂકી હતી. એ સમયે સ્માર્ટફોનની સંખ્યા ૩૦ કરોડની આસપાસ હતી, જે હવે ૬૦ કરોડથી વધારે થઈ ગઈ છે. તેની સીધી અસર યુપીઆઈની પ્રગતિ પર પડી છે.

બીજું કારણ, આપણા દેશમાં વિશ્વના અન્ય દેશોની તુલનામાં ઈન્ટરનેટ સસ્તું હોવું પણ જરૂરી છે. ઈન્ટરનેટ ઉપલબ્ધકરાવનારી મુખ્ય કંપનીઓએ ૨૦૧૬થી ઝડપી ગતિની ઈન્ટરનેટ સેવા આફી અને તે પણ બેહદ સસ્તા ભાવે. પહેલાં એક જીબી ડેટા માટે લગભગ ૨૨૫ રૂપિયા ખર્ચ કરવા પડતા હતા. ધીમે ધીમે તે સસ્તો થવા લાગ્યો અને હાલમાં મોબાઈલ ઈન્ટરનેટ ડેટાની કિંમત ફક્ત દસ કે વીસ રૂપિયા પ્રતિ જીબી થઈ ગઈ છે. ૨૦૧૫ સુધી દરેક ભારતીય મહિનામાં સરેરાશ ૭૦૦ એમબી ડેટા ઉપયોગ થતો હતો. પરંતુ ૨૦૨૩ સુધી તે વધીને સરેરાશ ૨૧.૪ જીબી પ્રતિ મહિનો થઈ ગયો. તેનો સીધો ફાયદો યુપીઆઈને થયો. જ્યાં ઓગસ્ટ ૨૦૧૬માં યુપીઆઈ દ્વારા માત્ર ૯૩ હજાર પેમેન્ટ થયા હતા, ત્યાં જ૨૦૨૩માં ૧૧,૭૬૫ કરોડથી વધારે પેમેન્ટ થયાં.

ત્રીજું કારણ, દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા વધી તે પણ રહ્યું. ૨૦૧૬માં યુપીઆઈ શરૂ થયા બાદથી ભારતમાં ૫૦થી પણ વધુ યુપીઆઈ એપ્સ આવી ગઈ. તેનાથી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વધુ મજબૂત થઈ. ડિજિટલ પેમેન્ટની સ્થિતિ હવે એવી થઈ ગઈ છે કે નાનામાં નાના દુકાનદારો, ત્યાં સુધી કે રેંકડી-લારી વાળા, ફળ-શાકભાજીવાળા, રિક્ષાવાળા વગેરે પણ યુપીઆઈથી રકમ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા રાખે છે.

ચોથા કારણ રૂપે ૨૦૧૬માં થયેલ નોટબંધીને પણ સામેલ કરી શકાય. નોટબંધી સંદર્ભમાં ભલે કેટલાય એવા તર્ક આપવામાં આવે કે તે સંપૂર્ણ નિષ્ફળ રહી, પરંતુ એટલું તો નક્કી છે કે તેણે દેશમાં ડિજિટલ પેમેન્ટને વ્યાપક રૂપે પ્રોત્સાહિત કર્યા. પહેલાં તો મજબૂરીમાં લોકો ડિજિટલ પેમેન્ટ સાથે જોડાયા અને પછી ધીમે ધીમે આદતમાં સામેલ થઈ ગયું. તેનાથી યુપીઆઈ દ્વારા થનારી ચૂકવણીની સંખ્યા અને માત્રામાં નિરંતર વૃદ્ધિ થતી રહી.

ભારતથી દરેક વર્ષે લગભગ ૨૫ લાખ લોકો વિદેશફરવા જાય છે. એવામાં યુપીઆઈની આસાન અને જાણીતી રીત વિદેશમાં પણ કામ આવી રહી છે. જે સાત દેશોમાં યુપીઆઈનું ચલણ શરૂ થઈ ગયું છે ત્યાં તો પર્યટકોને યુપીઆઈથી પેમેન્ટ કરવામાં આસાની થઈ રહી છે. ભારતથી બહાર રહેનારા ભારતીય પોતાના વિદેશી મોબાઈલ નંબરને ભારતીય બેંક ખાતાં (એનઆરઆઈ/એનઆરઓ) સાથે જોડીને યુપીઆઈથી પેમેન્ટ કરી શકે છે. સાથે જ વિદેશી લોકો પણ ભારત આવતાં 'યુપીઆઈ વન વર્લ્ડ એપ'થી યુપીઆઈનો ઉપયોગ કરી શકે છે.

૨૦૨૫ના અંત સુધી યુપીઆઈ વૈશ્વિક સ્તર પર સૌથી મહત્ત્વપૂર્ણ ચૂકવણી સ્વિચ બનાવવા માટે તૈયાર છે, જેનું અનુમાનિત વાર્ષિક વોલ્યૂમ લગભગ ૨૬૪ અબજ લેવડદેવડ હશે. આ ચોંકાવનારો આંકડો માસ્ટરકાર્ડ અને વિઝાના લેવડદેવડની માત્રાને પણ પાર કરી જશે, જે વૈશ્વિક ચૂકવણી પરિદૃશ્યમાં એક મહત્ત્વપૂર્ણ બદલાવને દર્શાવે છે. વસ્તુતઃ યુપીઆઈ લેવડદેવડની વૃદ્ધિ અભૂતપૂર્વ રહી છે. એકલા ૨૦૨૩માં આ લેવડદેવડ ૨૦૨૨ની તુલનામાં ૮૧ ટકાની આશ્ચર્યજનક વૃદ્ધિ સાથે ૧૧૭.૬ અબજ લેવડદેવડ સુધી પહોંચી ગઈ. મજબૂત બુનિયાદી માળખું, વાસ્તવિક સમય પ્રસંસ્કરણ ક્ષમતાઓ અને સંબંધિત બેંકો અને ફિનટેક કંપનીઓના વ્યાપક નેટવર્કે યુપીઆઈ અંતર્ગત લેવડદેવડની વધતી સંખ્યાને કુશળતાપૂર્વક સંભાળવામાં સક્ષમ બનાવ્યું છે.

યુપીઆઈએ કેટલાય પડકારોનો સામનો પણ કરવો પડી રહ્યો છે, જેમાં લેવડદેવડની સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરવી, વધતી લેવડદેવડની માત્રાનું પ્રબંધન કરવું અને સિસ્ટમની વિશ્વસનીયતા જાળવી રાખવી સામેલ છે. તેમ છતાં વૈશ્વિક ચૂકવણીનું પરિદૃશ્ય નિઃસંદેહ નવું રૂપ લેશે, જેમાં યુપીઆઈ એક મહત્ત્વપૂર્ણ શક્તિ રૂપે ઉભરશે. નવાચાર અને પ્રતિસ્પર્ધાથી પ્રેરિત આ ચૂકવણી પ્રણાલીનું ભવિષ્ય રોમાંચક દેખાઈ રહ્યું છે.


# દ્વારકા ખાતે ત્રી દિવસીય ભવ્ય મીરા મહોત્સવ ૨૦૨૪નો શુભારંભ

**મીરાબાઈના જીવન ઉપર લોકસાહિત્યકાર લલિતા ઘોડાદ્રા તથા અનુપ જલોટાએ લહેરાવી ભજનોની સરવાણી : શ્રી રામ ભારતીય કલા કેન્દ્ર દ્વારા પ્રસ્તુત કરાયેલ મીરા નૃત્ય નાટિકા નિહાળી નાગરિકો થયા મીરા ભક્તિમાં મંત્રમુગ્ધ : ધારાસભ્ય પબુભા માણેક, કલેકટર જી.ટી. પંડ્યા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ : ત્રી-દિવસીય સુધી યોજાનાર કાર્યક્રમમાં રાષ્ટ્રીય કક્ષાના ખ્યાતનામ કલાકારો ભક્ત મીરાબાઈના જીવન ઉપર વિવિધ કૃતિઓ કરશે પ્રસ્તુત**









(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૪

મહાન ભક્ત મીરાબાઈની ૫૨૫મી વર્ષગાંઠ નિમિત્તે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા સંગીત નાટક અકાદમી દિલ્હી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દેવભૂમિ દ્વારકાના સહયોગથી દ્વારકાના સનસેટ પોઈન્ટ પાસે આવેલ ઓપન એર થિયેટર ખાતે આજરોજ મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ત્રણ દિવસીય "મીરા મહોત્સવ"નો શુભારંભ કરવામાં આવ્યો હતો. મીરા મહોત્સવ ૨૦૨૪ના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોને સંબોધતા ધારાસભ્ય પબુભા માણેકે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ ઉન્નતિના શિખરો સર કરી રહ્યો છે. આજની યુવા પેઢી આઝાદી ચળવળો માટે સર્વસ્વ અર્પણ કરનાર મહાન સપૂતો તેમજ દેશની સાંસ્કૃતિક વિરાસતથી માહિતગાર થાય તે માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આજરોજ મીરાબાઈના જીવન કવન વિશે લોકો માહિતગાર થાય તે માટે મીરા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ તકે કલેકટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, ભગવાન દ્વારકાધીશની પાવન ભૂમિ ઉપર વસવાટ કરતા નાગરિકો તથા પ્રવાસીઓ ભક્ત કવિયત્રી મીરાબાઈની જીવન વિશે માહિતગાર થાય તેમજ તેમના દ્વારા રચાયેલ ભજનો, પદો થકી કૃષ્ણ ભક્તિનો મહિમા ઉજાગર કરવાના ઉમદા આશયથી કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા સંગીત નાટક અકાદમી અને રાજ્ય સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે ભવ્ય ત્રી દિવસીય મીરા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અદભુત સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ નાગરિકો સહભાગી થાય તેવો મારો અનુરોધ છે. કાર્યક્રમમાં શ્રી રામ ભારતીય કલા કેન્દ્ર દ્વારા મીરા નૃત્ય નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ લોકસાહિત્યકાર લલિતા ઘોડાદ્રા તેમજ વિખ્યાત સંગીતકાર અનુપ જલોટા દ્વારા મીરાબાઈ જીવન આધારિત ભજનોની સરવાણી ઉપસ્થિત સમક્ષ પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમમાં મહાનુભવોનું શાબ્દિક સ્વાગત સંગીત નાટક અકાદમી નવી દિલ્હીના સેક્રેટરી રાજુ દાસ તથા આભારવિધિ દ્વારકા પ્રાંત અધિકારી એ.એસ.અવતે દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા, ગુજરાત સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ ઈન્દ્રજિતસિંહ ભાલા, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, અગ્રણી વિજય બુજડ સહિત ઉપસ્થિત નાગરિકો અદભુત કાર્યક્રમ નિહાળી ભક્તિરસમાં તરબોળ થયા હતા. ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ આયોજિત મીરા મહોત્સવમાં તા.૨૨ સપ્ટેમ્બરના રોજ અનુપમા હોસ્કેરે દ્વારા ગિરધર નાગર કી મીરા પર પપેટ, અજય પોહાક્ર દ્વારા ભજન તથા મમતા અહર દ્વારા મીરા ઉપર હિન્દી નાટક પ્રસ્તુત કરવામાં આવશે. જ્યારે તા.૨૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે મધુરાની શુક્લ, નિરંજન રાજ્યગુરૂ તથા કલ્યાણસિંહ શેખાવત દ્વારા શારદાપીઠ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ઓડીટોરિયમ, દ્વારકા ખાતે સંત મીરાબાઈના સંગીત અને સાહિત્ય ઉપર સેમિનાર યોજાશે. તેમજ સાંજે સિક્કિલ ગુરૂચરણ, હેમંત ચૌહાણ દ્વારા ભજનો તથા કથક કેન્દ્ર નવી દિલ્હી દ્વારા સાંવરે કે રંગ રાચી નૃત્ય નાટિકા પ્રસ્તુત કરવામાં આવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેનું મન મજબુત હોય તે બધું જ કરી શકે છે.

- ગોથ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૭ આઠમનું શ્રાધ્ધ, કાલાષ્ટમી, મહાલક્ષ્મી વ્રત સમાપ્ત તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૨૦, મૃગશીર્ષ નક્ષત્ર, વ્યતિપાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૬:૪૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સવારે ૯:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.
વૃષભ:વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે.
મિથુન:વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય.
કર્ક: મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રિયજન સાથે મુલાકાતમાં સફળતા મળે.
કન્યા: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મળે. સ્વજનથી મુલાકાત થાય.
તુલા: વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.
વૃશ્ચિક:આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાના જણાય.
મકર: સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.
કુંભ: ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.
મીન: મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. કાર્યબોજ વિશેષ રહે.

# રાજકોટ ડિવિઝનના RPF સ્ટાફે હાપા યાર્ડમાંથી રેલવે ઈલેક્ટ્રીક લાઈનના રૂા.૧.૭૦ લાખના OHE વાયરની ચોરી કરનાર લોકોની ધરપકડ કરી



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૪

રાજકોટ ડિવિઝનના રેલવે પ્રોટેક્શન ફોર્સ(RPF) સ્ટાફની તકેદારીના કારણે હાપા યાર્ડમાંથી રેલવે ઈલેક્ટ્રીક લાઈનના OHE વાયરની ચોરી કરનાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં, થોડા દિવસો પહેલા, હાપા રેલ્વે સ્ટેશન યાર્ડની શન્ટીંગ લાઈનમાં ૩૬૪.૨ મીટર OHE (ઈલેક્ટ્રિક લાઈન ના ઓવર હેડ ઈક્વિપમેન્ટ) કેટેનરી અને ૨૮૩.૨ કિલો વજનના સંપર્ક વાયરની ચોરી ઝડપાઈ હતી, જેની કુલ કિંમત આશરે રૂા.૧.૭૦ લાખ હતી. મામલાની ગંભીરતા જોઈને રાજકોટ ના ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર કમલેશ્વર સિંઘના માર્ગદર્શન હેઠળ એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી. જેમાં આઈપીએફ હરિ પ્રકાશ વર્મા, આઈપીએફ-સીઆઈબી રાજકોટ ઋષિકાંત રાય અને ડિવિઝનલ ઈન્સ્પેક્ટર દીપક મરીચીને તપાસની જવાબદારી સોંપવામાં આવી હતી.

વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે, RPF સ્ટાફે રેકી હાથ ધરીને હાપા રેલ્વે કોલોનીમાં IOW ઓફિસની પાછળ આવેલા ગટરમાં રેલવેના છુપાયેલા કોપર કોન્ટેક્ટ્સ અને કેટેનરી વાયર શોધી કાઢ્યા હતા અને એક આરોપીની ધરપકડ કરી હતી. સઘન પૂછપરછ બાદ વધુ બે આરોપીઓ શોધી કાઢવામાં આવ્યા હતા જેઓને પણ આરપીએફના સ્ટાફે ઝડપ્યા હતા. પૂછપરછ દરમિયાન આ ત્રણેય શખ્સોએ કબુલ્યું હતું કે, તેઓએ રાત્રે હાપા રેલ્વે યાર્ડમાંથી રેલ્વેના OHE વિભાગના કોપર કોન્ટેક્ટ અને કેટેનરી વાયરની ચોરી કરી હતી અને તેમાંથી વીજ પ્રવાહ નજીકના કટર વડે કાપી નાખ્યો હતો અને બાદમાં ચોરી કરવાનો તેમનો પ્લાન હતો. તેણે ભંગારમાં વેચવાના ઈરાદા સાથે રેલ્વે કોલોની સ્થિત ગટરમાં સામગ્રી છુપાવી હોવાનું પણ કબૂલ્યું હતું. આરોપી પાસેથી ૧૭૪ કિલો વજનના ૧૦૨ નંગ કેટેનરી વાયરના ૦૫ બંડલ અને ૧૦૮ કિલો વજનના ૦૬ અલગ અલગ સાઈઝ ના કેટેનરી વાયર અને ૦૧ વાદળી રંગની તાર અંદાજીત કિંમત રૂા.૨૦૦૦/- ની રેલવે સંપતિ જપ્ત કરી હતી જેની કુલ કિંમત આશરે રૂા.૧.૭૦ લાખ છે.

# તિરુપતિ લાડુ વિવાદ : સાત પ્રશ્નો જેના જવાબની જરૂર





નવી દિલ્હી, તા. ૨૪

આંધ્રપ્રદેશના પ્રસિદ્ધ તિરુમાલા વેંકટેશ્વર (તિરુપતિ) મંદિરમાં ચઢાવવામાં આવતા લાડુ પ્રસાદમાં ઘીને બદલે 'ગૌમાંસની ચરબી' અને 'સુવરની ચરબી' જેવા ઘટકોના વિવાદે નિશ્ચિતપણે મુશ્કેલીઓ ઊભી કરી છે. જો કે, તેણે કેટલાક પ્રશ્નો પણ ઉભા કર્યા છે. હા, તિરુપતિ પ્રસાદમમાં 'અશુદ્ધ' ઘટકોને મંજૂરી આપવામાં તેમના પુરોગામી શાસનની કથિત મિલીભગતના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુના આક્ષેપો એક કથિત લેબ રિપોર્ટ સાથે નાયડુએ સત્તા સંભાળ્યાના ત્રણ મહિના પછી આવ્યા હતા. તેમના દાવાઓ ૧૮ સપ્ટેમ્બરના રોજ સપાટી પર આવ્યા હતા જેમાં અગાઉની જગન મોહન રેડ્ડીની આગેવાની હેઠળની વાયએસઆરસીપી સરકાર પર ખૂબ પ્રખ્યાત પ્રસાદમને કથિત રીતે 'દૂષિત' કરવા માટે આંગળી ચીંધવામાં આવી હતી. આ પ્રસાદમના નમૂનાઓ ભાજપ શાસિત ગુજરાતમાં પશુધન લેબમાં મોકલવામાં આવ્યા હતા કારણ કે દેખીતી રીતે સમાન લેબ રાજ્યની નજીક મળી શકતી નથી. નમૂનાઓ ૯ જુલાઈના રોજ પ્રાપ્ત થયા હતા અને અહેવાલને જો માનવામાં આવે છે કે લાર્ડ, બીફ ટેલો અને ફિશ ઓઈલનો ઉલ્લેખ ૧૬ જુલાઈએ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ઘટસ્ફોટ માત્ર સપ્ટેમ્બરમાં જ બહાર આવ્યો હતો જ્યારે ત્રણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર અને હરિયાણામાં આ મહિને અને આગામી મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. આશ્ચર્યજનક રીતે આ આઘાતજનક તારણો વિશે આંધ્રપ્રદેશ સરકાર અથવા તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. શુદ્ધતા અને અશુદ્ધતા વિશેના તમામ હોબાળા વચ્ચે સાત નિર્ણાયક પ્રશ્નો ઉપર વિચાર જેવો છેઃ

(૧) જ્યારે TTD દાવો કરે છે કે તેની પાસે ૨૦૧૬થી પ્રસાદમના પરીક્ષણ માટે અદભૂત પ્રયોગશાળા છે ત્યારે ગુજરાત લેબમાં નમૂનાઓ શા માટે મોકલાયા ? (૨) શું TTDની લેબ પણ કાર્યરત છે અને જો નથી તો શા માટે ? અને લાડુની ગુણવત્તાના અગાઉના પરીક્ષણોમાંથી રિપોર્ટ ક્યાં છે ? (૩) કોઈપણ સરકારી સૂચના સિવાય સપ્ટેમ્બરમાં ૧૬ જુલાઈના અહેવાલને અચાનક શા માટે ફેલાવવામાં આવ્યો ? (૪) પ્રસાદમમાં વપરાતા ઘીની ગુણવત્તા ચકાસવા માટે જુલાઈમાં ડેરી નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં ડૉ. મહાદેવન, ડૉ. બી. સુરેન્દ્રનાથ, ડૉ. વિજયા ભાસ્કર રેડ્ડી અને પ્રોફેસર સ્વર્ણ લથાલુનો સમાવેશ થાય છે. આ સમિતિનો રિપોર્ટ ક્યાં છે ? (૫) જો કર્ણાટક મિલ્ક ફેડરેશન (KMF), નંદિની ઘીના નિર્માતા, ૨૦૨૩માં TTDને ઘી સપ્લાય કરવાના ટેન્ડરમાંથી બહાર નીકળી ગયા કારણ કે તે અન્ય લોકો દ્વારા ઓફર કરવામાં આવતી નીચી કિંમતો સાથે મેળ ખાતી ન હતી, તો શું તે અન્ય કંપનીઓ ફક્ત ગુણવત્તા પર કોરાણે આવતી હતી ? (૬) TTD એક્ઝિક્યુટિવ ઓફિસર જે. શ્યામલા રાવે જણાવ્યું હતું કે બોર્ડ 'ભેળસેળવાળું' ઘી સપ્લાય કરનાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની પ્રક્રિયામાં છે. પરંતુ ઘી સપ્લાય કરનાર કોન્ટ્રાક્ટરના નામની જાહેરાત કેમ નથી કરતા ? (૭) નાયડુના સત્તા પર પાછા ફર્યા પછી અધ્યક્ષ ભૂમના કરુણાકર રેડ્ડી સહિત સમગ્ર TTD ગવર્નિંગ બોડીએ રાજીનામું આપ્યું હતું. તેમના બદલે કોને રખાયા અને શા માટે તેમનું મૌન આટલું અકળ છે ? સંજોગવશાત ચૂંટણી પછી વેબસાઈટમાં કોઈ અપડેટ જોવા મળ્યું નથી. આમાંના કોઈપણ પ્રશ્નોના નક્કર જવાબો વિના શું આ આક્ષેપો રાજકીય બદલો લેવાનો ભાગ છે જે આંધ્રપ્રદેશના રાજકારણમાં સામાન્ય છે જેથી કરીને જગન મોહન રેડ્ડી થોડા મહિનાઓ માટે જેલના સળિયા પાછળ જાય જેમ રેડ્ડીએ નાયડુને અગાઉ ગયા વર્ષે ચૂંટણી પહેલાં જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ?

# અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડને હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવાશે

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મહેસાણા-પાલનપૂર રોડને હાઈ સ્પીડ કોરીડોર અંતર્ગત વિકસાવવા માટે ૨૬૨.૫૬ કરોડ રૂપિયા ફાળવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સલામત માર્ગો દ્વારા પરિવહન સુવિધા સરળ બનાવવા રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે રૂપિયા ૩૧૦૦ કરોડના ખર્ચે હાઈ સ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં પ્રાવધાન કર્યું છે. આ અંતર્ગત વટામણ-પીપળી, સુરત-સચિન-નવસારી, અમદાવાદ-ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ- ભાવનગર, અને મહેસાણા- પાલનપુર સહિત ૬ જેટલા હાઈ સ્પીડ કોરીડોર વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ આ હેતુસર ઉત્તર ગુજરાતના મહેસાણા-ઊંઝાસિદ્ધપુર-પાલનપૂર હાઈવે ઉપર અગાઉ ૨૦૨૩-૨૪માં અલગ-અલગ ૯ જેટલા ક્રોસીંગ સ્થળો ઉપર ફ્લાયઓવર તેમજ વ્હીક્યુલર અન્ડરપાસ અને ૩ નદીઓ ઉપર નવિન બ્રીજ મંજૂર કર્યા છે. આ નેટવર્કની દિશામાં એક કદમ આગળ વધતા વધુ એક ફ્લાયઓવર અને બે વ્હીક્યુલર અન્ડરપાસના નિર્માણ માટે ૨૬૨.૫૬ કરોડ રૂપિયાની મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. તદનુસાર, મહેસાણા શહેરમાં રાધનપૂર સર્કલ ઉપરના વધારે પડતા ટ્રાફિકના નિવારણ માટે રૂા.૧૩૬ કરોડના ખર્ચે નવો સિકસ લેન ફ્લાયઓવર બ્રિજ, નાગલપૂર ક્રોસ રોડ ઉપર અકસ્માત નિવારી શકાય તે માટે અંદાજીત રૂા.૫૪.૪૦ કરોડના ખર્ચે સિકસ લેન વ્હીક્યુલર અન્ડરપાસ અને ઉનાવા ખાતે બંને ક્રોસ રોડ ઉપર રૂા.૭૨.૧૬ કરોડના અંદાજિત ખર્ચે નવો ૬-માર્ગીય વ્હીક્યુલર અન્ડરપાસ બનાવવાની કામગીરી હાથ ધરાશે. આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત વિસ્તારના લોકોને અમદાવાદ સાથેની વધુ સરળ, સલામત અને ઝડપી રોડ કનેક્ટીવીટી મળશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, કેન્દ્ર સરકારે તાજેતરમાં ઓગસ્ટ મહિનામાં જ થરાદ-મહેસાણા-અમદાવાદના નેશનલ હાઈસ્પીડ કોરીડોરને મંજૂરી આપી છે.

# ગાઝા સ્કૂલ ઉપર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૩ બાળકો સહિત ૨૧ પેલેસ્ટીનીઓ શહીદ

ગાઝા, તા.૨૪

ગાઝા સિટીના ઝેઈટાઉન પડોશમાં વિસ્થાપિત લોકોને આશ્રય આપતી શાળા ઉપર શનિવારે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૩ બાળકો સહિત ઓછામાં ઓછા ૨૧ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. ગાઝા સરકારી મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર આ હવાઈ હુમલામાં ૧૩ બાળકો, છ મહિલાઓ અને એક અજાત બાળક સહિત ૨૧ પેલેસ્ટીની માર્યા ગયા હતા. આ હુમલામાં નવ બાળકો સહિત ૩૦ અન્ય લોકો ઘાયલ થયા છે. મીડિયા ઓફિસે કહ્યું કે ગાઝા ઉપર યુદ્ધની શરૂઆતથી જ ઈઝરાયલી દળો દ્વારા વિસ્થાપિત વ્યક્તિઓ માટેના ૧૮૧ કેન્દ્રોને નિશાન બનાવવામાં આવ્યા છે. ગાઝા સિટીની અલ-અહલી બાપ્ટિસ્ટ હોસ્પિટલના એક તબીબી સ્ત્રોતે જણાવ્યું હતું કે શાળા ઉપર હુમલાના પગલે પીડિતોને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, આ શાળામાં સેંકડો વિસ્થાપિત પરિવારો રહે છે. સાક્ષીઓએ કહ્યું અહેવાલ કે ઈઝરાયેલી હવાઈ હુમલો ઝિટૌન પડોશના અસ્કૌલા વિસ્તારમાં થયો હતો, જેના કારણે શાળામાં નોંધપાત્ર જાનહાનિ થઈ હતી. ઈઝરાયેલી સેનાએ સ્વીકાર્યું છે કે તેણે શાળાને નિશાન બનાવી હતી અને દાવો કર્યો હતો કે હમાસ દ્વારા તેનો ઉપયોગ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર તરીકે કરવામાં આવી રહ્યો છે. યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગણી કરવા છતાં ગયા ઓકટોબરમાં હમાસના હુમલા પછી ઈઝરાયેલે ગાઝા પર તેનું ક્રૂર આક્રમણ ચાલુ રાખ્યું છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર લગભગ ૪૧,૪૦૦ લોકો માર્યા ગયા છે અને ૯૫,૭૦૦થી વધુ ઘાયલ થયા છે. નાકાબંધી સાથે ઈઝરાયેલના આક્રમણે પ્રદેશની લગભગ વસ્તીને વિસ્થાપિત કરી દીધી છે જેના કારણે ખોરાક, સ્વચ્છ પાણી અને દવાની તીવ્ર અછત સર્જાઈ છે.

# Jio, Airtel, Viએ ટેરિફમાં વધારો કર્યા પછી વિક્રમી સંખ્યામાં કસ્ટમર ગુમાવ્યા, BSNLને બખ્ખા

**જુલાઈમાં રિલાયન્સ જિયો, ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા, કંપનીઓએ ગ્રાહકો ગુમાવ્યા કારણ કે તેઓએ તેમની મોબાઈલ સર્વિસના ભાવમાં વધારો કર્યો હતો, જો કે, સરકાર સંચાલિત BSNLએ નવા સબ્સ્ક્રાઇબર્સ મેળવ્યા છે,**

નવી દિલ્હી, તા.૨૪

જુલાઈમાં, રિલાયન્સ જિયો, ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા (Vi) ને ગ્રાહકોની નોંધપાત્ર ખોટનો સામનો કરવો પડ્યો હતો. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના ડેટા અનુસાર ૧૧ ટકાથી લઈને ૨૫ ટકા સુધીના ટેરિફમાં ભારે વધારો આ માટે કારણભૂત બન્યો હતો. આવું પહેલીવાર બન્યું છે જ્યારે આ ખાનગી ટેલિકોમ દિગ્ગજોના ગ્રાહકોમાં એક મહિનામાં આટલો મોટો ઘટાડો થયો છે. Jioએ ૭,૫૦,૦૦૦ યુઝર્સ ગુમાવ્યા. આના પરિણામે તેનો ગ્રાહક આધાર ઘટીને ૪૭.૫૭૬ કરોડ થઈ ગયો. એરટેલે ૧૬.૯ લાખ ગ્રાહકો ગુમાવીને સૌથી મોટો ઘટાડો જોયો હતો જે તેના આધારને ૩૮.૭૩૨ કરોડ ઉપર લાવે છે. Vi એ પણ ૧૪.૧ લાખ ગ્રાહકો ગુમાવ્યા, જેનાથી તેનો યુઝર બેઝ ઘટીને ૨૧.૫૮૮ કરોડથયો. તેનાથી વિપરીત, રાજ્ય સંચાલિત ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), જેણે તેના ટેરિફમાં વધારો કર્યો ન હતો, તે એકમાત્ર ટેલિકોમ ઓપરેટર હતી જેણે ગ્રાહકો મેળવ્યા હતા. BSNLએ જુલાઈમાં ૨૯.૩ લાખ નવા વપરાશકર્તાઓ ઉમેર્યા, જેનાથી તેનો ગ્રાહક આધાર વધીને ૮.૮૫૧ કરોડથયો. ખોટના પરિણામે, Jio, Airtel અને Viના માર્કેટ શેર જુલાઈમાં થોડો ઘટ્યો હતો. Jioનો હિસ્સો ઘટીને ૪૦.૬૮ ટકા, એરટેલનો ૩૩.૧૨ ટકા અને Viનો હિસ્સો ૧૮.૪૬ ટકા ઉપર આવી ગયો છે. બીજી તરફ, BSNLનો બજાર હિસ્સો ૭.૩૩ ટકાથી વધીને ૭.૫૯ ટકા થયો છે. 4G/5G વપરાશકર્તાઓ એરટેલ એકમાત્ર ખાનગી ઓપરેટર હતી જેણે ઉચ્ચ મૂલ્યના 4G અને 5G વપરાશકર્તાઓ ઉમેર્યા હતા, જે જુલાઈમાં ૨૫.૬ લાખ મેળવ્યા હતા. Jio એ ૭,૬૦,૦૦૦ 4G/5G વપરાશકર્તાઓ ગુમાવ્યા, જ્યારે Vi એ ૧૧ લાખ 3G/4G ગ્રાહકોનો ઘટાડો જોયો. Vi અને BSNL બંનેએ હજુ 5G સેવાઓ પ્રદાન કરવાની છે, BSNL એ તાજેતરમાં પસંદગીનાવિસ્તારોમાં ૪૬ શરૂ કર્યું છે. સક્રિય વપરાશકર્તાઓ BSNL એ પણ ૨૯.૧ લાખ સક્રિય વપરાશકર્તાઓ મેળવ્યા છે, જે કુલ ૪.૯૪૯ કરોડ સુધી પહોંચી ગયા છે, જ્યારે Jio, Airtel અને Viએ અનુક્રમે ૨,૧૦,૦૦૦, ૧૧.૭ લાખ અને ૩૦.૩ લાખ સક્રિય વપરાશકર્તાઓ ગુમાવ્યા છે. ભારતમાં ટેલિકોમ સબસ્ક્રાઈબર બેઝમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો, જે જુલાઈમાં ઘટીને ૧,૨૦૫.૧૭ મિલિયન થઈ ગયો હતો જે જૂનમાં ૧,૨૦૫.૬૪ મિલિયનહતો. ફિક્સ્ડ લાઈન અને બ્રોડબેન્ડ સેગમેન્ટ ફિક્સ્ડ લાઈન (વાયરલાઈન) સેગમેન્ટમાં આશરે ૧ ટકાનો વધારો થયો હતો, જે જુલાઈમાં ૩.૫૫૬ કરોડસુધી પહોંચ્યો હતો. જિયોએ ૪,૮૦,૦૦૦ નવા સબ્સ્ક્રાઈબર્સ ઉમેરીને ફિક્સ્ડ-લાઈન માર્કેટમાં આગેવાની લીધી, ત્યારબાદ એરટેલ ૧,૩૬,૦૦૦ નવા વપરાશકર્તાઓ સાથે છે. બીજી તરફ, BSNL એ ૧,૩૪,૦૦૦ ફિક્સ લાઈન ગ્રાહકો ગુમાવ્યા. દેશના બ્રોડબેન્ડ યુઝર બેઝમાં પણ વૃદ્ધિ જોવા મળી હતી, જે જુલાઈના અંતે વધીને૯૪.૬૧૯ કરોડ થઈ હતી જે જૂનમાં ૯૪.૦૭૫ કરોડ હતી.

# સ્કોલરશીપ માટે હવે રેશનકાર્ડની વિગતોના આદેશથી હેરાનગતિ

અમદાવાદ,તા.૨૪

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બેંક એકાઉન્ટ, જાતિ સહિતની તમામ વિગતો ઉપલબ્ધ હોવા છતાં સરકાર દ્વારા હવે સ્કોલરશીપ માટે રેશનકાર્ડ લિંક કરવાનું નવું તુત ઉભુ કરવામાં આવ્યું છે. જેના પગલે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની સ્થિતી કફોડી બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ શાળામાં અભ્યાસ કરતાં ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, સરસ્વતી સાધના યોજનાની સહાય છેલ્લા કેટલાક વર્ષોથી સીધી વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં જ જમા થાય છે. સ્કોલરશીપ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે છેલ્લા ઘણા સમયથી સીધા જ વિદ્યાર્થીઓને બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. એક બાજુ જે વિદ્યાર્થીઓ બેંક એકાઉન્ટ ધરાવે છે તેમને પણ ઘણા કિસ્સામાં સ્કોલરશીપ વિલંબથી મળતી હતી, પરંતુ હવે સરકારના જુદાજુદા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટા બેઝમાં તમામ વિદ્યાર્થીઓનું આધાર બેઝ્ડ બાયોમેટ્રિક ઈ- કેવાયસી કરવાનો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. આ કામગીરી કરવા માટે તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓ મારફતે શિક્ષકોને જોતરવાની સુચના મળતા શિક્ષકોમાં પણ આક્રોશ ફેલાયો છે. કામગીરીમાં તમામ વિદ્યાર્થીઓના આધાર કાર્ડ, રેશનકાર્ડ તથા આધાર કાર્ડ સાથે લિંક થયેલા બેંક એકાઉન્ટની વિગતો મેળવવાની રહેશે. જેથી શિષ્યવૃત્તિની દરખાસ્ત કરતી વખતે આધાર કાર્ડ નંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બરની આઈડીની વિગતો પણ અપલોડ કરવાની રહેશે. આ કામગીરીને લઈને રાજ્યભરમાં ભારે વિરોધ ઉઠવા પામ્યો છે.

# બાળકોને ડિજિટલ ઉપકરણોથી શાંત ન કરો

નવી દિલ્હી, તા.૨૪

જર્નલ ફ્રન્ટીયર્સ ઈન ચાઈલ્ડ એન્ડ એડોલસેન્ટ સાઈકિયાટ્રીમાં પ્રકાશિત થયેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, જે બાળકોને ગુસ્સો આવે ત્યારે તેમને ટેબ્લેટ, સ્માર્ટફોન અને અન્ય ડિજિટલ ઉપકરણો આપવામાં આવે છે જેથી તેઓ તેમની લાગણીઓને નિયંત્રિત કરવાનું શીખતા નથી. આ ડિજિટલ ઉપકરણો તેમની વર્તણૂકીય સમસ્યાઓને વધુ ખરાબ કરી શકે છે અને પછીના જીવનમાં ગુસ્સાને નિયંત્રિત કરવાની તેમની ક્ષમતાને અસર બાળકોને ડિજિટલ ઉપકરણોથી શાંત ન કરો કરી શકે છે. બાળકો ભાવનાત્મક નિયમન અને જીવનના પ્રથમ થોડાં વર્ષોમાં વિવિધ પરિસ્થિતિઓમાં લાગણીશીલ પ્રતિક્રિયાઓ વિશે શીખે છે. બાળકોને શાંત રાખવા માટે ડિજિટલ ઉપકરણો આપવાના તાજેતરના વલણની અસર શોધવા માટે, હંગેરી અને કેનેડાના સંશોધકોએ બે થી પાંચ વર્ષના બાળકોના ૩૦૦ થી વધુ માતાપિતાને તેમના મીડિયાના ઉપયોગ ઉપર પ્રથમ વખત ૨૦૨૦માં પ્રશ્નોના જવાબ માટે કહ્યું અને ફરી એક વર્ષ પછી કહ્યું. જે બાળકોના માતા-પિતા તેમને શાંત કરવા ડિજિટલ ઉપકરણોનો વધુ વખત ઉપયોગ કરે છે તેઓ એક વર્ષ પછી વધુ ખરાબ ગુસ્સો અને હતાશા વ્યવસ્થાપન કૌશલ્ય ધરાવતા હતા. મુખ્ય સંશોધકે કહ્યું, ડિજિટલ ઉપકરણો દ્વારા ક્રોધાવેશનો ઉપચાર કરી શકાતો નથી. બાળકોએ તેમની પોતાની નકારાત્મક લાગણીઓને કેવી રીતે સંચાલિત કરવી તે શીખવાની જરૂર છે. આ શીખવાની પ્રક્રિયા દરમ્યાન તેમને તેમના માતાપિતાની મદદની જરૂર છે, ડિજિટલ ઉપકરણની મદદની નહીં.

# જેલોમાં શા માટે ભીડ છે ? : ૨૦૧૯થી જામીન માટે પાત્ર ૩ લાખ અન્ડરટ્રાયલ કેદીઓમાંથી માત્ર ૫૦ ટકાને જ મુક્ત કરવામાં આવ્યા છે : NALSAએ કરી સુપ્રીમ કોર્ટમાં રજૂઆત

નવી દિલ્હી, તા.૨૪

જેલોમાં ગીચ વસ્તી શા માટે છે ? આ અંગે નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (NALSA) દ્વારા સુપ્રીમ કોર્ટમાં સબમિટ કરવામાં આવેલી એફિડેવિટમાં મહિલાઓ અને બીમાર લોકો માટે જામીનની જોગવાઈઓનો મર્યાદિત ઉપયોગ, વૈધાનિક સુરક્ષા હોવા છતાં માનસિક રીતે બીમાર અંડરટ્રાયલની અટકાયત, સાત વર્ષથી ઓછી સજાના ગુનાઓ માટે કેદીઓની સતત જેલ જેવા ઘણા કારણો આપવામાં આવ્યા છે.

સર્વોચ્ચ અદાલત જેલોની ભીડ ઓછી કરવા માટે એક મિકેનિઝમ બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. માનવાધિકાર કાર્યકર્તા સુહાસ ચકમા દ્વારા જસ્ટિસ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ પેન્ડિંગ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ એફિડેવિટ મુજબ, કાનૂની સહાય સંસ્થાના તારણો અંડરટ્રાયલ રિવ્યુ કમિટી (UTRC) દ્વારા પૂરા પાડવામાં આવેલા વાર્ષિક ડેટાના વિશ્લેષણ ઉપર આધારિત હતા, જે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર, જેલમાંથી અન્ડરટ્રાયલ્સને મુક્ત કરવાની ભલામણ કરે છે.

NALSAએ આ ભલામણો કરવા માટે UTRC માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા (SOP) તૈયાર કરી છે. એફિડેવિટમાં જણાવવામાં આવ્યું છે કે UTCRએ ૨૦૧૯થી ત્રણ લાખથી વધુ કેદીઓને મુક્ત કરવાનું સૂચન કર્યું છે. પરંતુ હજુ ૧.૫૨ લાખને મુક્ત કરવામાં આવ્યા છે. સૂચિબદ્ધ અન્ડરટ્રાયલ તેમની પૃષ્ઠભૂમિ અથવા કાનૂની સહાય મેળવવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના પસંદ કરવામાં આવ્યા હતા. પાત્ર અંડરટ્રાયલ્સને જામીન આપવા માટે ન્યાયતંત્રની 'અનિચ્છા' ઉપર NALSAનું અવલોકન એવા સમયે આવ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટે વિવિધ પ્રસંગોએ યોગ્ય કેસોમાં પણ જામીન નકારવા બદલ ઉચ્ચ અદાલતો અને ટ્રાયલ કોર્ટો ઉપર પોતાની નારાજગી વ્યક્ત કરી છે. મનીષ સિસોદિયાના કેસમાં તેના તાજેતરના ચુકાદામાં, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે "જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે."

આ વૈધાનિક સંસ્થાના એફિડેવિટમાં જે સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જેલમાં બંધ ટ્રાયલ અને દોષિતોને કાનૂની સહાય સુલભ બનાવવા માટે બહાર પાડવામાં આવી છે. હાલની માર્ગદર્શિકા અનુસાર, UTRCએ ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી (DLSA)ને અન્ડરટ્રાયલની યાદી મોકલે છે જેઓ જામીન માટે પાત્ર છે. જેઓ એડવોકેટ રાખી શકે છે તેઓ પોતાની વ્યવસ્થા કરે છે, જ્યારે નબળા અન્ડરટ્રાયલને સંબંધિત DLSA દ્વારા કાનૂની સહાય આપવામાં આવે છે. રાજ્યના UTRCs પાસેથી મળેલા ડેટાના વિશ્લેષણમાં અંડરટ્રાયલની લાંબા સમય સુધી જેલવાસ માટે બહુવિધ પરિબળો સામે આવ્યા છે. ૨૦૧૯માં, UTRCsએ ૩૭,૦૦૦થી વધુ કેદીઓને મુક્ત કરવાનું સૂચન કર્યું હતું, પરંતુ માત્ર ૧૨,૪૭૮ને છોડવામાં આવ્યા હતા.

૨૦૨૦માં ભલામણ કરાયેલા ૨૮,૩૫૭માંથી માત્ર ૧૫,૨૭૩ અંડરટ્રાયલ કેદીઓ મુક્ત થયા હતા. ૨૦૨૧માં, તે સંખ્યા ૩૬,૯૮૩માંથી ૧૭,૦૦૦ હતી, જ્યારે ૨૦૨૨માં ૭૦,૭૮૦ ભલામણોમાંથી પચાસ ટકાને મુક્ત કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે, UTRCએ ૫૦,૬૬૯ કેદીઓને છોડવાનું સૂચન કર્યું હતું, પરંતુ માત્ર ૨૬,૨૨૬ને જ જામીન મળ્યા હતા. NALSA



અનુસાર, અંડરટ્રાયલને તેઓ જૂના ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPc) હેઠળ વૈધાનિક જામીન માટે પાત્ર હોવા છતાં તેમને મુક્ત કરવામાં આવ્યા નથી. આ કાયદામાં કહેવામાં આવ્યું છે કે ગુનામાં અડધી સજા ભોગવનાર આરોપીઓને જામીન મળવા જોઈએ. માનસિક બિમારીઓથી પીડિત લોકો પણ તેમની મુક્તિ માટે કાયદાકીય સલામતી આપવામાં આવી હોવા છતાં અટકાયતમાં હતા. એફિડેવિટમાં એ પણ નિર્દેશ કર્યો હતો કે સાત વર્ષથી ઓછી સજા ધરાવતા ગુનાઓ માટે ધરપકડ કરાયેલા લોકો જામીન ઉપર સુપ્રીમ કોર્ટના નિર્દેશો છતાં અટકાયતમાં હતા.

મહિલાઓ, બીમાર અથવા અશક્ત લોકો માટે જામીનની જોગવાઈઓનો મર્યાદિત ઉપયોગ પણ જવાબદાર છે. NALSAના અભ્યાસમાં એવા કેદીઓની ઓળખમાં અનિચ્છનીય ક્ષતિઓ પણ જોવા મળે છે જેમના કેસની સમીક્ષા કરવાની જરૂર છે. NALSAના અધિકારીએ કહ્યું કે તેની મર્યાદિત ભૂમિકામાં, UTRC માત્ર સૂચનો જ આપી શકે છે. આખરે, અરજી દાખલ કરવી અને કોર્ટ તેને મંજૂર કરે તે અંડરટ્રાયલ ઉપર છે. કેદીઓની કુલ સંખ્યા અને મુક્તિ માટે ભલામણ કરેલ સંખ્યા વચ્ચેના અંતર અંગે, NALSAએ જણાવ્યું હતું કે આ કેદીઓની ઓળખ માટે વિવિધ રાજ્યોમાં અપનાવવામાં આવેલી પદ્ધતિમાં ફેરફારને કારણે પણ આવું હોઈ શકે છે. જસ્ટિસ ગવઈની બેન્ચને મદદ કરી રહેલા વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ કહ્યું કેઃ કાનૂની સહાય એજન્સીઓએ જેઓ જામીન ઉપર મુક્ત થઈ શકે છે તેમના માટે વધુ કાર્ય કરવું જોઈએ. એકવાર UTRC તેમની સૂચિ સબમિટ કરે, તો કાનૂની સહાય અધિકારીઓએ જામીન અરજીઓ દાખલ કરવામાં આવી છે કે નહીં તે જાણવા માટે દરેક કેસની સમીક્ષા કરવી જોઈએ. જો જામીન અરજીઓ નકારી કાઢવામાં આવે છે, તો કાનૂની સહાય અધિકારીઓએ આ કારણોની ખાતરી કરવા અને તેમના અભિગમ સાથે સુસંગત રહેવું જોઈએ.

### જૂનાગઢ શહેર -જીલ્લાનાં પડતર પ્રશ્નનો ઉકેલ લાવવા રજુઆત

# મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા જીલ્લા કલેકટરને પત્ર પાઠવી વિસ્તૃત રજુઆત કરાઈ

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢની સેવાભાવી સંસ્થા મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ સલીમ ગુજરાતી અને પ્રોજેકટ ચેરમેન અમિષ ગોંસાઈ દ્વારા જીલ્લા કલેકટરને એક વિસ્તૃત પત્ર પાઠવી જૂનાગઢ શહેર અને જીલ્લાના પડતર પ્રશ્નોને રજુ કરી વહેલી તકે ઉકેલવા રજુઆત કરી છે. આ પત્રમાં ૧૧ જેટલા મુદાઓને આવરી લેવાયા છે. જેમાં જણાવેલ છે કે,

જુનાગઢ શહેર અને આસપાસના વિસ્તારો સહિત સમગ્ર જિલ્લામાં બિસ્માર બની ગયેલા રસ્તાઓ તાત્કાલિક રીપેર કરવા તેમજ જુનાગઢ શહેર જિલ્લામાં નિવૃત્ત પેન્શનર નાગરિકો અને બુઝુર્ગોને સમયસર પેન્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવી, ઉપરાંત શહેર-જિલ્લાના તમામ નાગરિક સુવિધા કેન્દ્રમાં આધાર કાર્ડથી લઈ રેશનકાર્ડની કામગીરી ઝડપથી થાય, ગરીબ અરજદારોનું સમય અને આર્થિક શોષણ ન થાય તેવી વ્યવસ્થા કરવી, જૂનાગઢ શહેર કોર્પોરેશનની હદમાં શહેર મધ્ય અને બહારના વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા સફાઈ અને રસ્તા મરામતની કામગીરીમાં દાખલ કરવામાં આવતી બેદરકારી દૂર કરવા કલેકટર કક્ષાએ તાકીદ કરી સ્થિતી સુધારવી. ઉપરાંત જૂનાગઢ શહેર પ્રાચીન ધર્મસ્થળો અને ઐતિહાસિક ધરોહર ધરાવતું શહેર હોય તેવા લીયો અને પ્રાચીન સ્મારકો આસપાસ સફાઈથી લઈ પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તે માટે ઐતિહાસિક સ્થળો આસપાસ પીવાના પાણી, સફાઈ અને શૌચાલયની જરૂરી વ્યવસ્થા ઊભી કરવી. વધુમાં જૂનાગઢ શહેર માટે માથાના રૂપ બની ગયેલ ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે અમારી સંસ્થા દ્વારા કરેલી અનેક રજૂઆતોના પગલે મંજૂર થયેલા ઓવરબ્રિજનું કામ તાત્કાલિક શરૂ કરવા માટે સંબંધિત વિભાગોને કામ શરૂ કરવા તાકીદ કરવી.

વધુમાં જૂનાગઢ શહેર પ્રાચીન નગરીની ઓળખ ધરાવે છે. શહેરમાં દરબાર હોલ મ્યુઝિયમ, ઉપરકોટનો કિલ્લો, બાબા પ્યારે ની ગુફા, ખાપરા કોડિયાના ભોયરા, અશોક શિલાલેખ, દાતાર જમિયલશાનો કિલ્લો, મોટું જૂનું સ્વામિનારાયણ મંદિર, શીતળા કુંડ, દામોદર કુંડ, નવાબી પેલેસ, માહી ગઢેચી, મહોબ્બત મકબરા, બહાઉદીન કોલેજ, સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ, નરસિંહ વિદ્યામંદિર, નરસિંહ મહેતાનો ચોરો લોકો વધુમાં વધુ જોવે તેવી વ્યવસ્થા કરવી. જૂનાગઢના દિવાન ચોકમાં આવેલ દરબાર હોલ મ્યુઝિયમમાં ફરીથી મ્યુઝીયમ શરૂ કરવું, ગરીબ જરૂરિયાતમંદ પરિવારોને રાશનકાર્ડ પર પૂરતો માલ સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવી, ગરીબ પરિવારને જરૂરી લાઈટ કનેક્શન, નળ અને ડ્રેનેજ કનેક્શન જલ્દીથી મળે તેવી વ્યવસ્થા કરવી. જૂનાગઢની મધ્યમાં આવેલ નરસિંહ તળાવના બ્યુટીફીકેશનની કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલી રહી છે, તેને વધુ વેગ મળે અને ઝડપથી કામ ચાલુ થાય તે વ્યવસ્થા કરવી. આમ જૂનાગઢ શહેરના વિકાસને લગતા ૧૧ મુદાની રજુઆત કરી અને તાત્કાલીક કાર્યવાહીની માંગ કરી છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિનીઓ દ્વારા 'હેપ્પી સ્ટ્રીટ કાર્યક્રમ'માં સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી




જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ ખાતે જિલ્લા પોલીસ તંત્ર, મહાનગરપાલિકા, રોટરી કલબ અને કે.જે. હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે તા.૨૨-૦૯-૨૦૨૪ના રોજ 'હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનના માધ્યમથી લોકોને ખુશી પ્રાપ્ત થાય, માનસિક શાંતિનો અનુભવ થાય અને તેઓમાં સકારાત્મક વિચારોનું નિરૂપણ થાય એવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હેપ્પી સ્ટ્રીટ અંતર્ગત બાળકો, યુવાનો, વડીલો સહિત હજારો નાગરિકોએ ચોબારી ફાટકથી ઝાંઝરડા ચોકડી સુધી યોજાએલ નૃત્ય, સંગીત, નાટ્ય, રાસ ગરબા, ડ્રોઈંગ, ગેમ્સ જેવી અનેકવિધ પ્રવૃતિઓનો આનંદ માણ્યો હતો. આ તકે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પિસ્તોલથી લઈને AK ૪૭ જેવા વિવિધ શસ્ત્રોના પ્રદર્શન અને ઘોડેશ્વાર સાથે પરેડ પણ યોજવામાં આવી હતી.

હેપ્પી સ્ટ્રીટના આયોજકો દ્વારા જૂનાગઢની શ્રેષ્ઠ શાળાઓના વિદ્યાર્થીઓને જ વિવિધ પ્રવૃતિઓમાં સામેલ કરવામાં આવ્યાં હતાં, જેમાં જૂનાગઢની નામાંકિત ગ્રાન્ટેડ શાળા એવી માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરાની વિદ્યાર્થિનીઓને પણ સહભાગી બનવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

આ તકે માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિનીઓએ જીવંત સાંસ્કૃતિક વારસો એવું ગરબા નૃત્ય તેમજ અન્ય ભાતીગળ કૃતિઓની પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત જનસમુદાયને મંત્રમુગ્ધ કર્યા હતા. આ શાળાના આચાર્ય જયશ્રીબેન રંગોલિયા, શિક્ષકો હેતલબેન લશ્કરી અને વિમલાબેન બોરડના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ પોતાની કલાત્મક ક્ષમતાઓનો સૌને પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, એસ.પી. હર્ષદ મહેતા, મ્યુ.કમિશ્નર ડો.ઓમપ્રકાશ, DYSP હિતેશ ધાંધલ્યા, DMC એ.એસ. ઝાપડા, BKNMU ના કુલપતિશ્રી ડો.ચેતન ત્રિવેદી સહિતનાં મહાનુભાવોએ શાળાની વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી.

# રાજ્યના જિલ્લાઓમાં ગામડાઓમાંથી પસાર થતા પંચાયત હસ્તકના રસ્તાઓ સુવિધા પથ અંતર્ગત કોંક્રીટ માર્ગો બનશે

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ગ્રામીણ વિસ્તારોને સુવિધાયુક્ત, ટકાઉ અને બારમાસી માર્ગો પુરા પાડવાનો જનહિતલક્ષી નિર્ણય : ગ્રામીણ વિસ્તારોના ૧૦૨૦ કિ.મી. લંબાઈના ૭૮૭ માર્ગોને કોક્રીટ રોડ બનાવવા ૬૬૮ કરોડ રૂપિયાની મંજૂરી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લાઓમાં ગ્રામીણ વિસ્તારોમાંથી પસાર થતા પંચાયત હસ્તકના રસ્તાઓને કોક્રીટ રોડ બનાવવાનો ગ્રામીણ જનસુવિધા હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના ગામડાઓમાંથી પસાર થતા રસ્તાઓમાં આવેલા ગામતળની લંબાઈના માર્ગોમાં પાણી ભરાઈ જવાથી તથા વધુ ટ્રાફિક ભારણ થવાથી ડામર રસ્તાની સપાટી વારંવાર ખરાબ થઈ જતી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમસ્યાના કાયમી અને લાંબા ગાળાના નિવારણ તરીકે સુવિધા પથ અંતર્ગત ગામતળની લંબાઈમાં ૫.૫૦ મીટર કે ઉપલબ્ધ પહોળાઈમાં કોક્રીટ રોડ બનાવવા માટે કુલ ૬૬૮.૩૦ કરોડ રૂપિયાની ફાળવણીની મંજૂરી આપી છે. એટલું જ નહી, જ્યાં કોક્રીટ રોડ બનાવવો શક્ય નહી હોય ત્યાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવશે. રાજયમાં કુલ ૧૦૨૦.૧૫ કિ.મી.ની લંબાઈના ૭૮૭ માર્ગો સુવિધાપથ અન્વયે કોક્રીટ રોડ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર લોકોનું ઈઝ ઓફ લીવિંગ વધારવા સાથે અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો સુધી સુવિધા સભર રોડ નેટવર્ક આપવા પ્રતિબધ્ધ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ રાજયના ગામડાઓને સુવિધાપથની સગવડ આપવા કરેલી આ ૬૬૮ કરોડ રૂપિયાની ફાળવણીને પરિણામે ગ્રામ્ય વસ્તીને સારી સપાટી વાળા અને વધુ ટકાઉ તથા વરસાદી સિઝનમાં પણ કોઈ અડચણ ન પડે તેવા બારમાસી કોક્રીટ રોડ મળશે.

# વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા ચાલતા સેવા કાર્યોમાં પહેલા નોરતાથી વધુ એક વિશેષ સેવાનો વધારો

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૨૪

ગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદર દ્વારા સતત માનવ સેવાના કાર્યો થઈ રહ્યા છે ત્યારે ઘણા જ ટૂંકા ગાળામાંશબવાહીનીની સેવા, ભુખ્યાને ભોજન, જરૂરીયાત મંદોને રાશનકીટ ઉપરાંત મેડિકલને લગતા તમામ સાધનો જેમાં વ્હીલચેર, પલંગ, ગાદલા, લેટરીન ચેર, લાકડી, યુરિન બોકસ, ઓક્સિજન મશીન ઉપરાંત અંતિમ સંસ્કાર માટે સ્મશાન કીટ કાટિયાની એક પણ રૂપિયો લીધા વિના ચોવીસ કલાક લોકોને સેવા આપવામાં આવે છે. તેમજ કોઈ વ્યક્તિ પાસેથી કોઈપણ પ્રકારની ડિપોઝીટ કે ભાડુ લેવામાં આવતું નથી. આ ઉપરાંત કોઈપણ દર્દીઓને ભોજનની જરૂરિયાત હોય તો એકજ ફોનમાં તેઓ જણાવે તે જગ્યાએ વિનામુલ્યે કોઈપણ જાતની અપેક્ષા વગર ટીફીનની સેવા પૂરી પાડવામાં આવે છે. વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિના આવા લોકસેવાના કાર્યો જોઈ દાતાઓ તરફથી દાનની સરવાણીઓ અવિરત ચાલુ રહે છે થોડા દિવસો પહેલા જ વિસાવદર રામ મંદિર ચોકમાં ચાર રસ્તા ભેગા થાય છે ત્યાં તથા રામજી મંદિર તથા શંકર મંદિર આવેલ છે ત્યાં પાંચ સી.સી.ટીવી. કેમેરા પણ લગાવી પ્રજાના ઉપયોગ માટે ખુલ્લા મુકેલ છે. તેમાં વિસાવદર શહેર તથા તાલુકાની જનતાના વિવિધ લોકો દવારા સતત મદદ મળી રહી છે અને દિનપ્રતિદિન સેવા કાર્યોમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત દરેક ધાર્મિક તહેવારોમાં સરબત વિતરણ જેવા કાર્યો કરવામાં આવે છે તથા ધર્મેન્દ્રભાઈ વિરાણી તથા સુધીરભાઈ વખારીયા દ્વારા પણ ગણપતિ ઉત્સવ સમિતિમાં રહી પોતાના કામધંધા છોડી શબવાહીનીમાં જરૂર પડે ત્યારે ચોવીસ કલાક સેવા આપી રહ્યા છે. આ સેવા કાર્યોની સુમિતબાગ પરિવાર -રતાગ વાળા તરફથી સબપેટી એક આપવામાં આવેલ છે જેની પણ સેવા પૂરી પાડવામાં આવી રહી છે ત્યારે આ સંસ્થા દ્વારા સેવા કાર્યોમાં વધુ એક ઉમેરો કરવામાં આવશે જેમાં વિસાવદર શહેરમાં કોઈપણ સમાજમાં કોઈ વ્યક્તિના સ્વજનનું મૃત્યું થાય તેવા પ્રસંગે તેમના ઘર પરિવાર ઉપર આવેલ પડેલ આવા દુઃખની ક્ષણોએ તેમના પરિવારના દુઃખમાં સહભાગી થવા અને જે તે ઘરના વ્યક્તિઓ આઘાતમાં હોય અને તેમના ઘરે બહારથી આભડવા આવેલ મહેમાનો સ્વજનો આવેલ હોય તેમના માટે ૧ ટાઈમનું ભોજન ફોન દ્વારા સંખ્યા જણાવે તે મુજબ બપોર અથવા સાંજે જ્યારે જરૂર હોય ત્યારે તેમના ઘર સુધી તૈયાર ભોજન (પ્રસાદ) કોઈપણ જાતનો ચાર્જ કે એકપણ રૂપિયો લીધા વગર નિઃશુલ્ક સેવા પ્રથમ નવરાત્રીથી પહોંચાડવામાં આવશે. આ અંગે ગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદરના પ્રમુખ (૧)સુરેશભાઈ સાદરાણી મો.૯૯૦૪૧ ૬૧૩૦૧, (૨)ગિજુભાઈ વિકમા મો.૯૯૦૯૭ ૦૨૫૫૨, (૩) નયનભાઈ જોશી મો.૯૪૨૬૪ ૪૨૪૧૩, (૪) ધર્મેશભાઈ વીરાણી મો.૯૪૨૮૮ ૩૬૧૮૬ ઉપર સંપર્ક સાધવા ગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદરના પ્રમુખ સુરેશભાઈ સાદરાણીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઊનામાં સૌ પ્રથમ વખત ધી ઉના પીપલ્સ કો.ઓપ.બેંક આયોજિત સાઈબર ક્રાઈમ સેલ દ્વારા વેપારીઓને જાગૃત કરાયા

### ૪૦ મી વાર્ષિક સાધારણ સભામાં ઊના પીપલ્સ કો. ઓપ. બેંક દ્વારા થતી પ્રગતિની રૂપરેખા રજુ કરાઈ




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૪

ઊના શહેરમાં અદ્યતન બિલ્ડીંગમાં ચાલતી વેપારીઓની ૪૦ વર્ષ જુની કાર્યરત ધી ઉના પીપલ્સ કો.ઓપ.બેંકની ૪૦ મી વાર્ષિક સાધારણ સભા ઊના નગરપાલિકા સંચાલિત ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત બેંકનાં સભાસદો તેમજ ગ્રાહકોને બેંકનાં વર્તમાન ચેરમેન ઈશ્વરભાઈ જેઠવાણી, વાઈસ ચેરમેન મિતેષભાઈ શાહ, બેંકના જનરલ મેનેજર/ સીઈઓ મીનાક્ષીબેન ધોળકીયા, મુખ્ય અતિથિ ઊના મત વિસ્તારનાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, બેંકનાં પુર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ ગટેચા, વિજયભાઈ કમવાણી, વર્તમાન બોર્ડના તમામ ડાયરેકટરો ઉપસ્થિત રહયા હતા. જેમાં વર્તમાન સમયમાં બેંક દ્વારા અપાતી વિવિધ પ્રકારની સેવાઓ, ધીરાણો અને સભાસદોને મળતાં લાભો તેમજ બેંક દ્વારા ઊના, ગીરગઢડા અને દેલવાડા ખાતે નવી બ્રાન્ચની થતી કામગીરી અંગેની વિસ્તૃત માહિતી સાથે બેંક દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કરેલ નફો રૂા. ૯૬.૪૮ લાખ અંગેની આંકડાકિય સમજણ સાથેનો સભાસદોને એહવાલ આપેલ હતો અને દરેક સભાસદોને આ બાબતે પોતાનો પ્રતિભાવ જાહેર મીટીંગમાં આપવા આહવાન કરાતા સભાસદોએ ધી ઊના પીપલ્સ કોઓપ બેંકની દિન પ્રતિદિન થતી પ્રગતિ અને દૈનિક કામકાજ અંગે વિશ્વાસ પ્રગટ કરતાં તાળીઓની ગૂંજ સાથે વર્તમાન શાસકો અને કર્મચારીની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી.

આ તકે ઉના પીપલ્સ કો. ઓપ બેંકનાં દૈનિક એજન્ટો કે જેઓ ઘરે ઘરે અને દુકાને દુકાને જઈને દૈનિક બચતના ગ્રાહકોને બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ કરે છે તેમની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવી બેંક દ્વારા તેમનું પ્રથમ વખત સન્માન કરાયું હતું. આ ઊપરાંત વેપારીની સંસ્થા જે બેંકનાં સંકલન સાથે સંકળાયેલ હોય તેવાં ચેમ્બર ઓફ કોમર્સ ઊનાના નવયુકત થયેલા તમામ હોદેદારો તથા કારોબારી મેમ્બર અને શહેરમાં નિષ્ઠા અને પારદર્શક રીતે કોઈ પગાર નહીં પણ લોકોને મુશ્કેલી ન પડે તેવાં આશ્રય સાથે ઊભા પગે ટ્રાફિક સમસ્યાને હલ કરતા નાના વર્ગના કર્મચારી જી.આર.ડી. જવાન હાશમભાઈ ઈશાભાઈ શેખ તેમજ સામાજિક સેવાઓ કરતી સંસ્થા જલારામ મિત્ર મંડળ, ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ, એક દિવાળી માનવતાની, ગૌરક્ષા દળ તેમજ લક્ષ્ય ફાઉન્ડેશન સહિતની સેવાભાવી સંસ્થાઓના અગ્રણીઓનું શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.

વિશાળ ટાઉનહોલ ખાતે પ્રબુદ્ધ નાગરીકો એવા ઊના શહેરના તમામ વેપારીઓને સાઈબર ક્રાઈમ ફોર્ડથી બચાવી શકાય તેવાં આશય સાથે ગીર સોમનાથ જિલ્લા સાઈબર સેલનાં પીઆઈ ચૌહાણ અને તેમની ટીમે સર્વ પ્રથમ વાર ધી ઉના પીપલ્સ કો.ઓપ. બેંકનાં સહયોગથી ટાઊન હોલ ખાતે સાયબર ક્રાઈમ કેવી રીતે બને છે અને કઈ રીતે રોકી શકાય છે તે અંગે પ્રોજેકટરના માધ્યમ દ્વારા સ્ટ્રોંગ પાસવર્ડનો ઉપયોગ કરવો અને નિયમિત બદલતો રહેવો, સંવેદનશીલ માહિતી ગૃપ્ત રાખવી, કોઈ અજાણી લિંકનો ઉપયોગ ન કરવો, મોબાઈલ સમયસર અપડેટ કરવો, બધી ઓપરેટીવ સિસ્ટમ અપડેટ કરતી રહેવી, કોઈ એપ ડાઉનલોડ તેમજ સોફટવેર ડાઉનલોડ ન કરવાં, સુરક્ષીત વીપ એન કનેકશનનો ઉપયોગ કરવા, વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક ઈન્ટરનેટની ખાતરી કરવા, અજાણી વ્યક્તિની ફ્રેન્ડ રિકવેસ્ટ ન સ્વીકારવી, વ્યક્તિગત માહિતી અંગત રાખવી, ફોટા અને પાસવર્ડ નંબર આપતા પહેલા વેરીફીકેશન કરવું વિગેરે આવી રોજીંદા વેપાર, ધંધા, રોજગાર સાથે સંકળાયેલા ઈન્ટરનેટ સાથે કનેક્ટ થયેલા સોશિયલ નેટવર્કિંગ સાઈટ, ટ્વિટર, ફેસબુક, વિવિધ પ્રકારના આવતા મેસેજ લિંકનો ઊપયોગ કરતાં પહેલા સાવચેતી પૂર્વક રહેવથી સોશિયલ ક્રાઈમ ફોર્ડ અટકાવી શકાય છે તેની વિસ્તૃત જાણકારી પોલીસ અધિકારી દ્વારા અપાતા વેપારી અગ્રણીઓ યુવાનો, મહિલાઓ, ડોકટરો, સામાજીક, શૈક્ષણિક સંસ્થશના વડાઓએ આ કાર્યક્રમની પ્રસંશા કરી હતી. અંતમાં સાઈબર સેલ દ્વારા કોઈ સોશ્યલ નેટવર્કિંગનો ભોગ બને તો ચોવીસ કલાકની અંદર પોલીસ સાયબર ક્રાઈમ ફરીયાદ માટે ૧૯૩૦ નંબર ડાયલ કરવાથી કોઈપણ ફ્રોડ અટકાવી શકાય છે તેવો વિશ્વાસ સંપાદીત કરેલ હતો.

આ તકે બેંકનાં ડાયરેક્ટર નટવરભાઈ રાચ્છ, સરલાબેન છગ, કિરીટભાઈ દેશાઈ, પ્રેમજીભાઈ પાનસુરીયા, કિશોરભાઈ શભુવાણી, ભાવેશભાઈ જોષી સહિતનાં ડીયરેકટરો હાજર રહ્યા હતા. આ સમગ્ર સભાનું સંચાલન બેંકના જનરલ મેનેજરનાં માર્ગદર્શન હેઠળ બેંકના કર્મચારી સુરેશભાઈ જોષીએ કર્યું હતું અને આભાર વિધી ભવ્યભાઈ પોપટે કરી હતી.

# અસલી-નકલીનો ભેદ પારખવો મુશ્કેલ, તિરૂપતિના ગુનેગારોને સજા થાયઃ શંકરાચાર્યજી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૪

આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લામાં આવેલ તિરૂપતિ બાલાજી મંદિરના મહાપ્રસાદ પશ્રીવારી લડ્ડૂમાં ભેળસેળ અંગે દ્વારકા શારદાપીઠના જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ એક મહત્વનું નિવેદન આપ્યું છે.

મધ્ય પ્રદેશના સિવની જિલ્લામાં આપવામાં આવેલ નિવેદનમાં સ્વામી સદાનંદ સરસ્વતીએ કહ્યું કે તિરૂપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ચરબીની ભેળસેળની માહિતી દુઃખદ છે. પ્રસાદ આપણી સંસ્કૃતિ અને પરંપરા છે. તેની પવિત્રતાને જાળવી રાખવી ખૂબ જ જરૂરી છે. સંચાલનનું કામ સરકારનું નથી. તેમણે કહ્યું કે આપણા શાસ્ત્રોમાં વર્ણ વ્યવસ્થા છે. આશ્રમ વ્યવસ્થા છે અને અધિકાર વ્યવસ્થા છે. મંદિરોનું સંચાલન રાજકીય નેતાઓએ કરવું જોઈએ નહીં. જો તિરૂપતિ બાલાજી મંદિરનું સંચાલન કોઈ ધર્માચાર્ય, કોઈ સંપ્રદાય, કોઈ પીઠાધીશ્વર અથવા પરંપરાના આચાર્ય પાસે હોય તો તેમાં કંઈ જ ખોટું નથી.

આપણે એ માનીએ છીએ કે અસલી દૂધ, નકલી દૂધ, અસલી ઘી, નકલી ઘી, આ સાથે એ બાબત પણ જાણવી જરૂરી છે કે અસલી હિન્દુ અને નકલી હિન્દુ. જે સંચાલક છે તેઓ ભૂલ સુધારે, જેમણે પણ આપરાધ કર્યો છે તેમને દંડ આપવામાં આવે તે જરૂરી છે.

# દ્વારકાના પત્રકારને મારી નાખવાની ધમકી સબબ રાજકોટના શખ્સ સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા. ૨૪

દ્વારકામાં રહેતા અને પ્રેસ પ્રતિનિધિ તરીકે કામ કરતા ધવલભાઈ પંકજભાઈ જટણીયા નામના ૩૪ વર્ષના યુવાનને ગત તા.૧૯ મીના રોજ રાત્રિના આશરે આઠેક વાગ્યાના સમયે રાજકોટમાં રામાપીર ચોકડી વિસ્તારમાં રહેતા આકાશ અમિતભાઈ તેજુરા ઠક્કર નામના શખ્સ દ્વારા કોઈ કારણોસર જુદા જુદા સમયે કુલ ત્રણ વખત ફોન કરી અને બિભત્સ ગાળો કાઢી, માર મારીને પાડી દઈશ, કોઈને શોધ્યો નહીં મળે, હું ડોન છું અને ડોન રહીશ. તારાથી થાય તે કરી લે તે પ્રકારની ધમકી આપી અને દ્વારકા આવીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢના જાગૃત નાગરીક તુષાર સોજીત્રાના ઘરે જઈ વિપુલ કોટેચાએ જાનથી મારી નાખવાની ધમકી આપી



## મોરબીના આધેડના આપઘાતના બનાવમાં ભળતા નામને કારણે ડખ્ખો થયો

મોરબી શહેરમાં વ્યાજખોરોના આતંકથી હરેશભાઈ કાંતીભાઈ સાયતા નામના આધેડે ગત શુક્રવારે રાત્રે આપઘાત કરી લીધો હતો. આ આધેડ શખ્સે આપઘાત કરતા પહેલા સ્યુસાઈડ નોટ મુકી હતી. જેમાં ૧૫ શખ્સોના નામ લખ્યા હતા. આ ૧૫ શખ્સોમાં એકનું નામ ગિરીશ કોટેચા હતું. પરંતુ આ ગિરીશ કોટેચાનું જે નામ સ્યુસાઈડ નોટમાં છે. તેનું પુરૂ નામ ગિરીશ છબીલભાઈ કોટેચા રહે.મોરબી છે. જયારે જૂનાગઢમાં પોસ્ટ વાયરલ કરનાર તુષાર સોજીત્રાએ ગિરીશ કોટેચા એમ લખતાં આ બાબતે લોકોમાં ભારે અસમંજસ સર્જાઈ હતી. મોરબીના બનાવમાં આરોપી ગિરીશ છબીલ કોટેચા છે નહીં કે, જૂનાગઢના ભૂતપૂર્વ ડે.મેયર ગિરીશ મગનલાલ કોટેચા ! આમ વાયરલ પોસ્ટને કારણે ભળતા નામને કારણે આખો ડખ્ખો ઉભો થયો હોવાનું ચિત્ર ઉપસ્યું છે.

## તુષાર સોજીત્રાના ઘરે ઘસી જઈ બેફામ ગાળો દઈ, જાનથી મારી નાખવાની ધમકી આપી કાવતરૂ રચનાર પૂર્વ ડે.મેયર ગિરીશ કોટેચા અને વિપુલ કોટેચા વિરૂધ્ધ ગુનો દાખલ કરવા તુષાર સોજીત્રાએ પોલીસને ફરિયાદ અરજી આપી

## સોશ્યલ મિડીયા દ્વારા ખોટી અફવા ફેલાવવાનું કૃત્ય ગુનાહિત વ્યાખ્યામાં આવે છે

જૂનાગઢના એક્ટિવીસ્ટ તુષાર સોજીત્રાએ સોશ્યલ મિડીયામાં ગિરીશ કોટેચા ના નામ સાથેની પોસ્ટ મુકી અને તે સબબ જૂનાગઢ શહેરમાં જે ભળતા નામને કારણે ચર્ચાનું વાવાઝોડું ફુંકાયું તે અંગે શહેરના જાગૃત નાગરીક લોકોએ એવો મત વ્યક્ત કર્યો છે કે, સોશ્યલ મિડીયામાં પોસ્ટ મુકતી વખતે જવાબદારી પૂર્વક વર્તવું જોઈએ બે જવાબદાર વર્તન ગુનાહિત કૃત્યની વ્યાખ્યામાં આવે છે. લડાઈ લડવાની પણ પધ્ધતિ હોય છે. સાચી લડાઈ સાચા માર્ગે લડાય. ખોટો માર્ગ અપનાવીને, ખોટી અફવા ફેલાવીનું કૃત્ય યોગ્ય ગણાય નહીં. સાચી હકીકત અને સાચી માહિતી મેળવ્યા બાદ જ સોશ્યલ મિડીયામાં કે કોઈપણ સ્થળે વાત જાહેર કરવી જોઈએ. તેમ નહીં કરવાથી તેના વિપરીત પરિણામો પણ આવી શકે છે. તે લોકોએ સમજવું જોઈએ.

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેર આજે રણ મેદાન બની ગયું હોય તેવા એક પછી એક બનાવો બની રહ્યા છે ત્યારે જૂનાગઢના જાણીતા સામાજીક કાર્યકર અને જાગૃત નાગરીક એવા તુષાર પ્રવીણભાઈ સોજીત્રાના ઘરે જઈ અને ભૂતપૂર્વ ડે.મેયર ગિરીશ કોટેચાના ભાઈ અગ્રણી બિલ્ડર વિપુલ કોટેચા અને તેના સાથીદારોએ બઘડાટો બોલાવી અને બેફામ ગાળો દઈ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગત રાત્રે બનાવ બનતા ભારે ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે તુષાર સોજીત્રાએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈને એક ફરિયાદ અરજી આપી છે અને જાણ તથા કાર્યવાહી માટે જીલ્લા પોલીસ વડા તથા ડીવાયએસપીને પણ ઈ-મેઈલ થી આ ઘટનાક્રમ અંગે જાણ કરી અને પૂર્વ ડે.મેયર ગિરીશ કોટેચા તેના ભાઈ વિપુલ કોટેચા અને તેની સાથે આવેલા પાંચથી વધુ લોકોના ટોળા સામે ગુનો દાખલ કરવા રજુઆત અને માંગણી કરતા ભારે સનસનાટી મચી જવા પામી છે. મોરબીના આધેડના આપઘાતના બનાવના સમાચારમાં ભળતા નામને કારણે આ ડખો થયો હોવાનું મનાય છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગઈકાલે બનેલી એક ઘટનામાં મોરબીના જમીન-મકાનના ધંધાર્થીએ ૧૫ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી અને આપઘાત કરી લીધો હોવાના બનાવનાં સમાચાર અખબારોમાં પ્રસિધ્ધ થયા હતા અને આ ૧૫ વ્યાજખોરોના સુસાઈડ નોટમાં નામોનો ઉલ્લેખ પણ કર્યો હતો તે પૈકી એક નામ ગિરીશ કોટેચાનું પણ હતું અને આ મતલબની પોસ્ટ જૂનાગઢના તુષાર પ્રવીણભાઈ સોજીત્રાએ વાયરલ કરતાં તેના ઘેરા અને ઉગ્ર પ્રત્યાઘાતો સર્જાયા હતા અને આ પોસ્ટ વાયરલ કર્યાના ગણતરીના સમયમાં જ પૂર્વ ડે.મેયર ગિરીશભાઈ કોટેચાના ભાઈ વિપુલભાઈ કોટેચા પોતાના સાથીદારો સાથે તુષાર પ્રવીણભાઈ સોજીત્રાના નિવાસ્થાન બ્લોક નં.૫, શ્રીનાથજી કૃપા, ગોકુલનગર સોસાયટી, લોઢીયાવાડી પાછળ ધસી ગયા હતા અને તુષાર પ્રવીણભાઈ સોજીત્રાને બેફામ ગાળો દઈ અને જાનથી મારી નાખવા અંગેની ધમકી આપી હતી.

આ બનાવના અનુસંધાને સમયસૂચકતા વાપરી અને તુષાર સોજીત્રાએ પોલીસને જાણ પણ કરી હતી. અને ત્યારબાદ વિપુલભાઈ કોટેચા અને તેમનો રસાલો ત્યાંથી જતા રહ્યા હતા. તુષાર પ્રવીણભાઈ સોજીત્રાએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા તેમજ જૂનાગઢ ડીવાયએસપીને ઈ-મેઈલ દ્વારા એક ફરિયાદ અરજી મોકલી અને તેમાં રજુઆત કરતા જણાવ્યું હતું કે, ગઈ તા.૨૨-૦૯-૨૦૨૪ના રોજ અખબાર માધ્યમોમાં પ્રકાશિત સમાચારને આજ તા.૨૩-૯-૨૪ સોમવારના રોજ અખબાર સહિતના આધાર પુરાવા સાથે અમોએ સોશ્યલ મીડિયામાં મુકેલ. આ સમાચારમાં વ્યાજખોરનાં ત્રાસથી કંટાળી જમીન-મકાનના ધંધાર્થીનો આપઘાત કર્યાની મોરબીની ઘટનાનો વિગતે ઉલ્લેખ કરાયેલ છે. જેમાં કેટલાક વ્યાજખોરો સામે ગુનો નોંધાયો છે અને તે પૈકીનું એક નામ ગીરીશ કોટેચાનું છે.

### તુષાર સોજીત્રાની ફરિયાદમાં હવે પોલીસની ભૂમિકા શું રહેશે

તુષાર સોજીત્રાએ જૂનાગઢ પોલીસને ઈ-મેઈલ દ્વારા પુરાવા સાથે વિપુલ કોટેચા અને તેની સાથે આવેલ મળતીયાઓ વિરૂધ્ધ ફરિયાદ અરજી આપેલ છે ત્યારે હવે શહેરમાં એવી ચર્ચા થઈ રહી છે કે, જૂનાગઢ પોલીસ હવે આ બાબતે શું કાર્યવાહી કરશે ? જૂનાગઢ પોલીસ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને પુરાવા ધ્યાનમાં લેવામાં આવશે તો એફઆઈઆર દાખલ થશે કે નહીં તે અંગે લોકોમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. સામાન્ય રીતે જૂનાગઢ પોલીસ દ્વારા એફઆઈઆર નોંધવામાં વિલંબ કરવામાં આવતો નથી તેવો દાવો કરવામાં આવે છે તેમજ સામાન્ય નાગરીકો દ્વારા કે અસામાજીકો દ્વારા કોઈ કાનુન વિરોધી સોશ્યલ મિડીયામાં પોસ્ટ કે રીલ મુકવામાં આવે છે ત્યારે જૂનાગઢ પોલીસ દ્વારા **“બીફોર અને આફ્ટર”**ના વિડીયો મુકી વ્યાપક પ્રસિધ્ધી સાથે એફઆઈઆર દાખલ કરવામાં આવે છે ત્યારે તુષાર સોજીત્રાની ફરિયાદમાં પણ વિડીયો પુરાવા હોય પોલીસ શું કાર્યવાહી કરશે તેના પર સંબંધીત તમામની મીટ મંડાઈ છે.

જૂનાગઢના તુષાર સોજીત્રા દ્વારા સોશ્યલ મિડીયામાં મુકાયેલ મોરબીની આ ઘટનાના સમાચાર કે જેમાં કેટલાક વ્યાજખોર પૈકીનું એક નામ ગિરીશ કોટેચાનું હોય જે બાબતે જૂનાગઢ મ્યુનિસીપલ કોર્પોરેશનનાં ભૂતપૂર્વ ડે.મેયર ગિરીશકુમાર મગનલાલ કોટેચા સાથે સાંકળી લઈ અને આજ તા.૨૩-૦૯-૨૦૨૪ સોમવારના રોજ રાત્રીના ૮ વાગ્યા આસપાસ જીજે-૧૧-સીએચ-૪૩૨૦ નંબરની કાર તથા કેટલાક ટુ-વ્હીલર પર, જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશકુમાર મગનલાલ કોટેચાનાં ભાઈ વિપુલભાઈ કોટેચા અને તેની સાથે અન્ય પાંચથી વધુ લોકોનું ટોળુ, કે જેઓને નજરે જોતાં હું ઓળખતો નથી, સાથે અમારી ઘરે આવી અને મને ઘરની બહાર બોલાવ્યો. પરંતુ સાથે આવેલ ટોળામાનાં કેટલાક લોકોનાં હાથમાં બેઝબોલનાં ધોકા જોઈ જતા હું ઘરની બહાર ન નીકળ્યો અને આવનાર વિપુલભાઈ કોટેચાને જે કંઈ વાત કરવી હોય તે બહાર ઉભા-ઉભા જ જણાવવા કહ્યું. તે સાથે જ આ વિપુલભાઈ કોટેચાએ મને અત્યંત ભૂંડી ગાળો આપવાનું ચાલુ કર્યું હતું અને સાથે આવેલા વ્યક્તિઓને કહ્યું કે, આને બરાબર જોઈ લેજો, હવે તો આને પતાવી દેવો છે તેમ કહેતા તુષાર સોજીત્રાએ મોબાઈલ લઈ આવી અને જૂનાગઢ પોલીસને જાણ કરી અને વિપુલકોટેચા અને તેની સાથે આવેલ લોકોનું વિડીયો બનાવવાનું ચાલુ કરતા વિપુલભાઈ કોટેચા અને તેની સાથે આવેલા અન્ય પાંચથી વધુ લોકોનું ટોળું તેઓના ઘરેથી જતા રહ્યા હતા. આમ વિપુલભાઈ કોટેચા અને અન્ય પાંચથી વધુ લોકોનાં ટોળામાંના લોકોએ સાથે મળી જઈ, એકસંપ કરી અને બેઝબોલના ધોકા સાથે રાખી અને એ રીતે અમોને જાનથી મારી નાખવાનું પૂર્વયોજીત કાવતરૂં રચી અને અમારા પર હુમલો કરી અને અમોને જાનથી મારી નાખવાના સ્પષ્ટ ઈરાદા સાથે અમારા ઘરે આવેલ. પરંતુ, અમો ઘરની બહાર ન નીકળતાં અને સમયસૂચકતાં વાપરી અને પોલીસને જાણ કરતાં, અમારા ઘરેથી જતા-જતા વિપુલભાઈ કોટેચા દ્વારા અમોને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી અને આ સમગ્ર ઘટનાક્રમની વિડીયો દ્વારા રેકોર્ડીંગ કરી તેમજ એક ફરિયાદ અરજી સંબંધિત પોલીસ વિભાગને આપવામાં આવી છે અને તેઓની સામે ગુનો દાખલ કરવા આ પત્રના અંતે તુષાર સોજીત્રાએ જણાવેલ છે.

## ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજનું ગૌરવ



જૂનાગઢ તા.૨૪

શ્રી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ અને શ્રી ડો. ડી.એમ. બારડ એકેડેમી ઘુસિયા (ગીર)ના સંયુક્ત યજમાન પદે તારીખ ૨૦/૨૧ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા છઠ્ઠા યુથ ફેસ્ટિવલ ‘અવસર’ ૨૦૨૪માં ડો.સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજની ૨૧ બહેનોએ ૧૬ જેટલી વિવધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો,

આ યુવક મહોત્સવમાં કુમારી રવિના જયંતીભાઈ માકડીયાએ નરસિંહ મહેતા પદગાન અને ભજનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.અને હળવા કંઠ?ય સંગીતમાં પણ ત્રીજું સ્થાન દીપાવ્યું હતું. આ ઉપરાંત મૈત્રી મહેશભાઈ કરડાણીએ પશ્ચિમી વાદ્ય સંગીત સોલોમાં તૃતીસ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ જુદી જુદી હરિફાઈઓ સમૂહ ગીત,સમૂહ નૃત્ય,પોસ્ટર મેકિંગ ,વકૃત્વ સ્પર્ધા, ડિબેટ ,કાવ્ય પઠન,લોકગીત,દુહા છંદ , મિમિક્રી, ક્વિઝ જેવી સ્પર્ધાઓમાં સંસ્થાની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લેતા સંસ્થાના આચાર્ય શ્રી બલરામ ચાવડાએ સૌને શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે આ પ્રકારની સ્પર્ધાઓમાં અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવો એ જ મોટી સિદ્ધિ છે.તેમણે જુદી જુદી સ્પર્ધામાં સંસ્થાનું ગૌરવ વધારનાર સૌને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર ઉપક્રમના કોઓર્ડીનેટર તરીકે ડો. હિરાબેન રાજવાણી તથા પ્રા.અમીબેન નાણાવટીએ અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે ડો.સુભાષ એકેડેમીના વડા શ્રી જવાહરભાઈ ચાવડાએ ભાગ લેનાર સૌ પ્રત્યે ઊંડી લાગણી દાખવતા અભિનંદન પાઠવ્યા હતા.

## સરકાર તમારે દ્વાર : ઉના યોગા કેન્દ્રમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



ઉના તા.૨૪

ગુજરાત સરકાર શ્રી દ્વારા નાગરીકો ને અપાતા જુદાં જુદાં દાખલાઓ, સર્ટિફિકેટ,તથા સરકારી યોજનાઓ નાં લાભો એક જ જગ્યાએ ટુંક સમયમાં મળી જાય તે માટે સેવા સેતુ કાર્યક્રમ ની શરૂઆત કરેલ જે અંતર્ગત દસમા તબબકા નો સેવા સેતુ કાર્યક્રમનું ઉદ્ધાટન ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તેઓની સાથે નગરપાલિકાના પ્રમુખ શ્રી પરેશભાઈ બાંભણીયા, ચીફ ઓફિસરશ્રી જે.જે. ચૌહાણ સાહેબ, ડે.કલેકટરશ્રી સી.પી. હિરવાણીયા સાહેબ, મામલતદારશ્રી ડી.કે. ભીમાણી સાહેબ, નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખશ્રી ચંદ્રેશભાઈ જોશી, નગરપાલિકાના સદસ્યશ્રી બાબુભાઈ ડાભી, ગીરીશભાઈ પરમાર તેમજ આગેવાનો લોકો અને અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

## હવે મુંબઈથી કચ્છ સુધીના દરિયાઈ ક્ષેત્રમાં ક્રુડતેલનું શારકામ પ્રારંભ થવાનો સંકેત

ગાંધીનગર, તા.૨૪

આગામી સમયમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારે વિકાસની એક વિશાળ તક સર્જાય તેવા સંકેત છે. દેશની ટોચની ઓઈલ ઉત્પાદક સરકારી જાહેર સાહસ ઓઈલ એન્ડ ગેસ કમીશન એ સૌરાષ્ટ્ર બેસીન તરીકે ઓળખાતા દરિયાઈ ક્ષેત્રમાં તેલ શોધ (ક્રુડ ઓઈલ) માટે ખાનગી ક્ષેત્રની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ અને બ્રિટનની બીપી કંપની સાથે હાથ મિલાવ્યા છે. સૌરાષ્ટ્ર બેસીન તરીકે અથવા તો વેસ્ટર્ન ઓફશોર તરીકે ઓળખાતા વિસ્તારમાં બ્લોક-જીએસ-ઓએસએસપી- ૨૦૨૨/૨ ક્ષેત્રમાં ઓપન એકેજ લાયસેનીંગ પોલીસી હેઠળ ૨૮ બ્લોક માટે બીડની તૈયારી થઈ છે અને તેમાં વેદાંતાની સાથે સ્પર્ધામાં આ ઓએનજીસી, રિલાયન્સ અને બીપી સંયુકત રીતે બીડ કરશે. વેદાંતાએ તમામ ૨૮ બ્લોક માટે બીડ કરી દીધી છે અને અત્યાર સુધીમાં કુલ ૬૦ બીડ મળી છે.

સૌરાષ્ટ્રના દરિયા કિનારે રિલાયન્સ અને રશીયન કંપની નયારાની રિફાઈનરી આવેલી છે અને તે વિદેશથી આવતા ક્રુડ તેલનું રિફાઈન કરીને પેટ્રોલ-ડિઝલ અને કેમીકલ સહિતનું ઉત્પાદન કરે છે.

## વિસાવદરના સુખપુર ગામે ઈલેકટ્રીક તારને માથુ અડી જતા યુવાનનું સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

વિસાવદરના સુખપુર ગામે કાંકરી ભરેલ ટ્રક ઉપર ઉભેલ યુવાનનું માથુ ઈલેકટ્રીક તારને અડી જતા ઈલેકટ્રીક શોક લાગતા યુવાનનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું વિસાવદર પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે અનીલભાઈ ભોવાનસીંગ સિંગાળે જાહેર કરેલ કે મૃતક બિગન બુંદરભાઈ સિંઘાડા (ઉ.વ.૨૪) રહે.હાલ ખડીયા, મુળ મધ્યપ્રદેશવાળો ટ્રક ઉપર હોય ત્યારે ઈલેકટ્રીક તારને માથુ અડી જતા ઈલેકટ્રીક શોક લાગતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## સુખપુર ગામે વાડી વિસ્તારમાં પરપ્રાંતિય યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

સુખપુર ગામે વાડી વિસ્તારમાં પરપ્રાંતિય યુવાનને પત્ની સાથે અવાર નવાર થતા ઝઘડાનું લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે કેમતાભાઈ ભંગડીયાભાઈ અવાસીયાએ જાહેર કરેલ કે મૃતક લાલુભાઈ રતલીયાભાઈ અવાસીયા(ઉ.વ.૨૭)વાળાને દારૂ પીવાની ટેવ હોય અને દારૂ પી આવી અવાર નવાર તેની પત્ની સાથે ઝઘડો કરતો હોય જે બાબતે લાગી આવતા પોતે પોતાની જાતે સુખપુર ગામે ઓરડી બહાર આવેલ લોખંડના પતરા નીચે લોખંડના પાઈપમાં મફલર બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## ચોરવાડમાં સાચવવા આપેલ સોનું પરત નહી આપતા વિશ્વાસઘાતની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

ચોરવાડમાં સાચવવા આપેલ ૨.૩૬ લાખનું સોનું પરત નહી આપી વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે મહેન્દ્રભાઈ ધનજીભાઈ અગરજાએ મુરલીભાઈ બાલચંદભાઈ જીવનાણી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી ઘરે એકલા રહેતા હોય અને અવાર નવાર બહાર જવાનું રહેતું હોય અને રાતે પણ પોતાનાં ઘરે કોઈ હાજર ન હોય જેથી આરોપી મુરલીભાઈ બાલચંદભાઈ જીવનાણી રહે.ચોરવાડ વાળાને ફરીયાદીએ સાડા સત્તર તોલા સોનું સાચવવા માટે આપેલ હતું. તેમાથી ફરીયાદીનાં છુટાછેડા વખતે આરોપીએ સાત તોલા સોનું પરત આપી દીધેલ પરંતુ સાડા દશ તોલા સોનું આરોપી પાસે હોય જેથી અવાર નવાર ફરીયાદીએ આરોપી પાસે આ સાડા દશ તોલા સોનાની ઉઘરાણી કરતા હોય પરંતુ આરોપીએ ફરીયાદીને દશ તોલા સોનું કિ.રૂ.૨,૩૬,૨૫૦/- નું પરત નહી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદ : લોન કરાવી આપવાની લાલચ આપી છેતરપીંડી કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

કેશોદના અજાબ ગામે રહેતા આધેડને જૂનાગઢના શખ્સે લોન કરાવી આપવાની લાલચ આપી ૨.૨૫ લાખ રોકડ અને કોરા ચેક લઈ વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે પ્રકાશભાઈ પોપટલભાઈ ટીલવા રહે.અજાબ, કેશોદવાળાએ હિતેષ દિપકભાઈ મેવાડા રહે.જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને આરોપી હિતેષભાઈ દિપકભાઈ મેવાડાએ આધાર બેન્કમાં લોન કરાવી આપવાની લાલચ આપી ફરીયાદી પાસેથી લોનની પ્રક્રિયા માટે રૂા.૨૨૫૦૦૦ રોકડા તથા સહી કરેલ કોરા ૧૩ ચેક લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી જેમાં ફરીયાદીનો ચેક નં.૭૬૫૩૩૯ જેન્તીભાઈ વીરાભાઈ પરમાર રહે.લીમધ્રા ગીર તાવિસાવદર વાળાને આપી ૧૨ ચેક આરોપીએ તેના કબ્જામાં રાખી દુર ઉપયોગ કરી ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા કેશોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં લાંબા સમયથી ભાડું ભરપાઈ ન ભરતા ત્રણ મિલ્કતધારકોની મનપા તંત્રએ મિલ્કતને સીલ કરી

(પ્રતિનિધિ દ્વારા)

મહાનગરપાલિકા જૂનાગઢની માલિકીની દાણાપીઠમાં આવેલ કુલ ૩ જમીનો શ્રી ગિરિરાજ ટ્રેડર્સ સી/ઓ સુશિલકુમાર લક્ષ્મીદાસ પારેખને નગરપાલિકાના સમયથી ભાડેથી ફાળવવામાં આવેલ આ ૩ જમીનોનું ભાડું સને ૨૦૦૧-૦૨થી ભરપાઈ ન કરતાં નામ. સિવિલ કોર્ટ, નામ. ડિસ્ટ્રિક્ટ કોર્ટ તથા નામ. હાઈકોર્ટમાં મહાનગરપાલિકા જુનાગઢ તરફે ચુકાદો આવતા દાણાપીઠમાં આવેલ આ ૩ મિલ્કતો સીલ કરી કબ્જો મહાનગરપાલિકા જુનાગઢ તરફે લેવામાં આવેલ છે. તથા હાલ આ જગ્યા ઉપર સેનિટેશન વોર્ડ નં ૮ ની વોર્ડ ઓફિસ કાર્યરત કરવામાં આવેલ છે. જે જૂનાગઢ મહાનગરપાલિકા સેવા સદનની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.